Friday 21, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૯૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## માર્ગ મકાન વિભાગના ઈજનેરના રિપોર્ટમાં ઘટસ્ફોટથી ભુકંપ : ધારાસભ્ય, ભાજપના જિલ્લા પ્રમુખ, તાલુકા ભાજપના પ્રમુખ અને મહામંત્રી, નનકવાડા તથા વશિયરના સરપંચોએ જ ભલામણ કરી હતી

# વશિયરનો વિવાદી બ્રિજ : ભાજપ દલા તરવાડી બની ગયું!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ તાલુકાના વશીયરગામમાં અંદાજે ૩.૮૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા બ્રિજ પ્રોજેક્ટને લઈને રાજકીય વિવાદ વધુ ઘેરો બન્યો છે. ભાજપના નેતાને અંગત લાભ પહોંચાડવા માટે આ બ્રિજ બનાવવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે વલસાડ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ મીતદેસાઈ છેલ્લા ૮ દિવસથી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર ઉતર્યા છે ભૂખ હડતાળ પર બેઠેલા મીત દેસાઈના સમર્થનમાં વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ વલસાડ પહોંચ્યા હતા. વશીયર અજાયબી બ્રિજની સ્થળ મુલાકાત લઈને બ્રિજના નિર્માણ સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો અને જનતાના નાણાંનો દુરુપયોગ થયો હોવાનો આરોપ લગાવ્યો હતો. પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય ભાવિક રમેશભાઈ પટેલે પણ આ પ્રોજેક્ટની ઉપયોગિતા અને વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. સ્થાનિક સ્તરે આ બ્રિજને લઈને ભારે ચર્ચા જાગી છે અને વિપક્ષ દ્વારા તેને અજાયબી બ્રિજઁ ગણાવી તપાસની માંગ તેજ કરવામાં આવી છે.

બીજી બાજુ આ પ્રકરણમાં ખુદ માર્ગ મકાન વિભાગના ઈજનેરે એવો ઘટસ્ફોટ કર્યો છે કે આ બ્રિજ બનાવવા માટે વલસાડના ધારાસભ્ય એ ભલામણ કરી હતી.

## વલસાડના વશીયરમાં ૩.૮૦ કરોડના બ્રિજ વિવાદે જોર પકડ્યું : યુથ કોંગ્રેસ પ્રમુખની ભૂખ હડતાળનો ૮મો દિવસ, ધારાસભ્ય અનંત પટેલનું સમર્થન

એનાથી લોકો ચોંકી ઉઠયા છે. જોકે થોડા વર્ષ અગાઉ કરોડોના ખર્ચે વશીયર રેલવે ફલાવર બ્રિજ બનાવવામાં આવ્યો હતો તેમ છતાં ધારાસભ્યએ એક ભાજપી નેતાને ફાયદો કરાવવા માટે સરકારની કરોડ રૂપિયાની ગ્રાન્ટ વાપરી બીજો ઓવરબ્રીજ બનાવવામાં આવતા સમગ્ર વલસાડ પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.




આ અંગે પ્રાપ્ત માહિતી પ્રમાણે વશીયર ગામથી આદિત્ય નગરને જોડતો મીસીંગ બ્રીજ ચે. ૦/૮ થી ૧/૦ તા.જી.વલસાડના બ્રીજ માટે સરપંચ નનકવાડા ગ્રામ પંચાયત તથા સરપંચ વશીયર ગ્રામ પંચાયતના તા. ૦૭/૦૩/૨૦૨૨ ના પત્રથી ધારાસભ્ય ૧૭૯- વલસાડને રજુઆત કરવામાં આવેલ હતી. જે અન્વયે ધારાસભ્ય વલસાડની તા. ૨૦/૦૩/૨૦૨૨ થી સરકારમાં રજુઆત કરવામાં આવેલ હતી. વધુમાં સદર બ્રીજની મંજુરી માટે ધારાસભ્ય વલસાડ તથા પ્રમુખ, વલસાડ તાલુકા ભાજપ અને મહામંત્રી ભારતીય જનતા પાર્ટી તાલુકો વલસાડની તા. ૦૯/૦૫/૨૦૨૨થી સંયુત રજુઆત કરવામાં આવેલ હતી. તેમજ સરકારમાં મંજુરી માટે વલસાડ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખએ તા. ૧૩/૦૫/૨૦૨૨ થી રજુઆત કરવામાં આવેલ હતી. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા સરકાર માં દરખાસ્ત સાદર કરવામાં આવેલ હતી. જે અન્વયે સરકારના પત્ર ક્રમાંક એસઆરઆર - ૨૦૨૨ - જો.નં. ૧૪ - ડી-૨ તા. ૨૦/૦૬/૨૦૨૨ રકમ રૂા. ૩૮૦.૦૦ લાખની મંજુરી આપવમાં આવેલ અને કચેરી દ્વારા નકશા-અંદાજની કામગીરી કરી સરકાર માં સાદર કરવામાં આવેલ હતા. એપ્રોચના રસ્તાની કામગીરી માટે જરૂરી જગ્યા આપવા જમીન માલિક હર્ષદભાઈ કટારીયા વિગેરેઓ દ્વારા લેખિતમાં તા. ૧૬/૦૩/૨૦૨૩ થી સહમતિ આપવમાં આવેલ છે.

જે અન્વયે સરકારમાંથી તા. ૧૩/૦૪/૨૦૨૩ થી તાંત્રિક મંજુરી આપવામાં આવેલ હતી અને ઈ ટેન્ડરની પ્રક્રિયા હાથ ઘરી કામ ઈજારદાર નેશનલ કનસ્ટ્રકશન, સુરતને સોંપવામાં આવેલ હતું. હાલના તબકકે બ્રીજ પ્રોપરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને બ્રીજ એપ્રોચ રોડની કામગીરી પ્રગતિ હેઠળ છે. અને બીજી બાજુ કોંગ્રેસ દ્વારા આ બાબતે આંદોલનનું રણશિંગુ ફુકવામાં આવેલુ હોવાથી હાલ આ મુદ્દો ચોરે ને ચૌંટે ચર્ચાનો વિષય બન્યો છે.

# વાપીમાં હવે દરેક વોર્ડ માટે સફાઈની જુદી એજન્સી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૦ :** વાપી મનપા દ્વારા શહેરના તમામ વોર્ડમાં સંતોષકારક સફાઈ માટે નવતર પ્રયોગ કરી વોર્ડ દીઠ સફાઈનો કોન્ટ્રાક્ટ આપવાનું નક્કી કર્યું હોવાનું જાણવા મળે છે અને આગામી દિવસોમાં તે માટે ટેન્ડર ઓપન કરવામાં આવશે. વાપી મનપા દ્વારા છેલ્લા એકાદ વર્ષથી જાહેર માર્ગો અને વિસ્તારમાં સફાઈ માટે ત્રણ જેટલી એજન્સીને કામ સોંપવામાં આવ્યું હતું. જોકે સફાઈ બાબતે ફરિયાદો આવતી રહેતી હોય વર્તમાન બોડી ને સંતોષકારક ન લગતા હવે મનપાના ૧૩ વોર્ડમાં વોર્ડ વાઈઝ અલગ અલગ સફાઈનો કોન્ટ્રાક્ટ સોંપવાનું નક્કી કરવામાં આવ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. એક વોર્ડમાં ૩૦ જેટલા સફાઈ કર્મીઓને સફાઈ માટે રાખવાના રહેશે. અત્યાર સુધી જે ત્રણ એજન્સીને સફાઈ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો જેમાં તમા ૧૩ વોર્ડ વિસ્તારમાં સફાઈ માટે આશરે ૭૦૦ થી ૮૦૦ સફાઈ કર્મી લગાવતા હોવાનું કહેવાય છે. આમ છતાં વર્તમાન ચૂંટાયેલી બોડી અને અધિકારીઓને સંતોષકારક કામગીરી ન લગતા આખરે હવેથી વોર્ડ વાઈઝ સફાઈનો કોન્ટ્રાક્ટ આપવાનું નક્કી કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે જેમાં વોર્ડ દીઠ એજન્સ ૩૦ સફાઈ કર્મીઓ લગાવશે. આગામી બે ત્રણ દિવસમાં આ માટે ટેન્ડર ખોલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. જોકે સફાઈ માટેનો આ નવતર પ્રયોગ કેટલો કારગત નીવડશે તે તો સમય જ કહેશે.

# દમણમાં દુષ્કર્મના પ્રયાસના આરોપીને સજા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૦ :** દમણ જિલ્લા અને સત્ર અદાલતમાં લગભગ સાડા ચાર વર્ષથી ચાલી રહેલા POCSO કેસમાં, જિલ્લા અને સત્ર ન્યાયાધીશ રાજેશ તિવારીએ આરોપી પ્રશાંત ધનંજય કુમારને ૧૦ વર્ષની સગીર પર બળાત્કારનો પ્રયાસ કરવાનો દોષી ઠેરવ્યો અને તેને ૧૦ વર્ષની સખત કેદ અને ૫૦,૦૦૦ રૂપિયા દંડની સજા ફટકારી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, એક મહિલાને મારવાડ જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ૧૦ જાન્યુઆરીની રાત્રે, લગભગ ૧ વાગ્યે, એક સુરક્ષા ગાર્ડ દર્દીની ૧૦ વર્ષની પુત્રીને પાણી લાવવાના બહાને પોતાની સાથે લઈ ગયો અને તેના પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો હતો જે અંગે સગીરાએ તેની માતાને વાત જણાવતાં પીડિતાની માતાની ફરિયાદ બાદ, દમણ પોલીસે આરોપી પ્રશાંત ધનંજય કુમાર વિરુદ્ધ ગુના નંબર ૧/૨૨માં પોકસો એક્ટ અને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો અને તેની ધરપકડ કરી હતી. નાની દમણ પોલીસ સ્ટેશનના તત્કાલીન ઈન્ચાર્જ પીઆઈ સોહિલ જીવાણીના માર્ગદર્શન હેઠળ, તપાસ અધિકારી, પીએસઆઈ ભાવિની હળપતિએ તપાસ પૂર્ણ કરી અને ૧૦ માર્ચ, ૨૦૨૨ ના રોજ જિલ્લા અને સત્ર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરી. લગભગ સાડા ચાર વર્ષ ચાલેલી કાર્યવાહી દરમિયાન, જિલ્લા અને સત્ર અદાલતે ૧૩ સાક્ષીઓને તપાસ્યા હતાં. અને પુરાવાઓ ચકાસ્યા બાદ આજની સુનાવણી દરમિયાન, જિલ્લા અને સત્ર ન્યાયાધીશ શ્રી રાજેશ તિવારીએ, આરોપીને દોષી ઠેરવ્યો હતો. અને એને ૧૦ વર્ષની સખત કેદ અને રૂા. ૫૦,૦૦૦ દંડની સજા ફટકારી હતી. જો દંડ નહીં ચૂકવે તો આરોપીને વધારાની એક વર્ષ જેલમાં રહેવું પડશે. સરકારી સરકારી વકીલ હરિઓમ ઉપાધ્યાયે આ કેસમાં જોરદાર બચાવ કર્યો, જેના કારણે ચાર વર્ષમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો.



## ચીખલી તાલુકામાં મેઘરાજાએ સદી ફટકારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૭ :** ચીખલી તાલુકામાં છેલ્લા પાંચ વર્ષ બાદ મેઘરાજાએ સદી ફટકાવી છે. જોકે સતત પડેલા વરસાદને કારણે ખાના ખરાબી પણ વધુ સર્જાવા પામી છે. પરંતુ આ વર્ષે સીઝનનો કુલ વરસાદ ૨૫૧૫ મી.મી. જેટલો વરસતા ચીખલી તાલુકામાં મેઘરાજાએ સદી ફટકારી દીધી છે.

ચીખલી, ખેરગામ, વાંસદા તાલુકાઓ જંગલ વિસ્તારથી ઘેરાયેલા રહ્યા છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી આ તાલુકાઓમાં ઝાડોનું નિકંદન થઈ જતાં કેટલાક વર્ષોથી વરસાદ પણ ઓછો થઈ જવા પામ્યો છે. ત્યારે છેલ્લા પાંચ વર્ષના આંકડાની સરેરાશ જોતા આ વર્ષે વાંસદા, ખેરગામ અને ચીખલી તાલુકામાં મેઘરાજાએ ૧૦૦ ઈંચથી પણ વધુ વરસાદ વરસતા ધરતી પુત્રોએ ખુશીની લાગણી અનુભવી છે. જોકે સતત પડેલા વરસાદને કારણે પુરની સ્થિતિ પણ સર્જાવા પામી હતી. જેના કારણે નદી વિસ્તારના ગામોમાં વધુ ખાના ખરાબી પણ સર્જાઇ હતી. પરંતુ આ વર્ષે મેઘરાજાએ ચીખલી તાલુકામાં છેલ્લા પાંચ વર્ષની સરખામણીએ ૨૫૧૫ મી.મી. જેટલો વરસાદ અત્યાર સુધીમાં વરસતા ૧૦૦ ઈંચ જેટલો વરસાદ ચીખલી તાલુકા ફ્લડ કંટ્રોલમાં નોંધાવા પામ્યો છે.

### પૂર ઓસર્યાના ૩ સપ્તાહ બાદ પણ

## બીલીમોરાનો રેલ્વે અંડરપાસ કાદવ-કચરાને કારણે બંધ

**પૂર્વ-પશ્ચિમ વિસ્તારને જોડતી 'લાઈફલાઈન' ઠપ્પ : શ્રાવણી મેળાની ભારે ભીડ વચ્ચે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, મહિલાઓ અને રાહદારીઓ લાંબો ચકરાવો કાપવા મજબૂર**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૦ :** બીલીમોરા નગરપાલિકાના શાસકો અને વહીવટી તંત્રની ઘોર બેદરકારી તથા અણઆવડતનો ભોગ ફરી એકવાર શહેરની નિર્દોષ જનતા બની રહી છે. શહેરમાં ભયાવહ વરસાદી પૂર ઓસરી ગયાને પૂરા ત્રણ અઠવાડિયા વીતી ગયા છતાં, એસ.ટી. ડેપો સામે આવેલો પૂર્વ અને પશ્ચિમને જોડતો મહત્વનો રેલવે અંડરપાસ હજુ સુધી ગંદકી અને કાદવ-કીચડના સામ્રાજ્ય વચ્ચે સબડી રહ્યો છે. શહેરની 'લાઈફલાઈન' ગણાતા આ ટૂંકા માર્ગને સાફ કરવાની તસ્દી ન લેવાતા સ્થાનિક નાગરિકોમાં પાલિકા તંત્ર સામે ભારે આક્રોશ ભભૂકી ઉઠ્યો છે.



શહેરના બજાર, શાળા-કોલેજો, સરકારી કચેરીઓ અને રેલવે સ્ટેશન તરફ જતા હજારો દૈનિક મુસાફરો આ અંડરપાસ પર નિર્ભર છે. આ માર્ગ બંધ હોવાથી લોકોને ભારે ટ્રાફિક વચ્ચે રેલવે ઓવરબ્રિજ પરથી કિલોમીટરોનો લાંબો ચકરાવો કાપવો પડી રહ્યો છે. ખાડા માર્કેટમાં માથે ટોપલા લઈને જતી શ્રમજીવી મહિલાઓ, વૃદ્ધો અને વિદ્યાર્થીઓની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. વરસાદી માહોલમાં ઓવરબ્રિજ ચઢવા-ઊતરવામાં રાહદારીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા છે.એક તરફ ઐતિહાસિક સોમનાથ મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે મેળો જામ્યો છે અને દક્ષિણ ગુજરાતભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ બીલીમોરા પહોંચી રહ્યા છે. શહેરમાં વાહનો અને રાહદારીઓનું કીડીયારું ઊભરાઈ રહ્યું છે, ત્યારે જ મુખ્ય સંપર્ક માર્ગ સમો અંડરપાસ બંધ રાખીને પાલિકા શાસકો કઈ લાપરવાહીનું પ્રદર્શન કરી રહ્યા છે. તેવો વેધક સવાલ ઊઠી રહ્યો છે. અંડરપાસમાં પાણી ભરાવાની સમસ્યા પાછળ વર્ષો જૂની નિકાલ વ્યવસ્થાની નિષ્ફળતા છે. કુદરતી કાંસ ઉપર થયેલા આડેધડ બાંધકામો અને પિલરોને કારણે પાણીનો નિકાલ અવરોધાય છે. આપત્તિના ૨૧ દિવસ પછી પણ કાદવ સાફ ન કરી શકનારું પાલિકા તંત્ર માત્ર એસી કેબિનોમાં બેસીને 'સબ સલામત'ના દાવા કરી રહ્યું છે. જનતાનો સીધો સવાલ છે કે પૂર ઓસર્યું, રોગચાળો માથું ઊંચકી રહ્યો છે અને મેળો શરૂ થઈ ગયો, તો પાલિકાનું તંત્ર ક્યારે જાગશે ? શાસકો અને ચીફ ઓફિસર માત્ર ફોટો સેશન છોડી તાત્કાલિક સ્થળ મુલાકાત લઈ આ અંડરપાસ યુદ્ધના ધોરણે સાફ કરાવી ખુલ્લો મૂકે તેવી લોકલાગણી પ્રબળ બની છે.

## ચીખલીની વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટમાં ટ્રસ્ટીની નિમણૂંક કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૦ :** શિક્ષણ અને સામાજિક વિકાસના ક્ષેત્રે છેલ્લા ૫૮ વર્ષથી કાર્યરત વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટ, ચીખલીમાં ડૉ. શબનમ પટેલની ટ્રસ્ટી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ડૉ. શબનમ પટેલનું ટ્રસ્ટમાં સ્વાગત કરતાં મેનેજિંગ ટ્રસ્ટી દર્શન દેસાઈએ જણાવ્યું હતું કે, વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે યુવા, ગતિશીલ અને ઉચ્ચ શિક્ષિત ડૉ. શબનમ પટેલનું સ્વાગત કરતાં અમને આનંદ અને ગૌરવની લાગણી થાય છે. તેમનું જ્ઞાન, ઊર્જા અને નવી વિચારસરણી સંસ્થાના વિકાસમાં ચોક્કસપણે ઉપયોગી સાબિત થશે. અમને આશા છે કે તેઓ સંસ્થાની પ્રગતિ અને વિકાસ માટે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપશે. ટ્રસ્ટ પરિવાર તરફથી ડૉ. શબનમ પટેલને તેમની નિમણૂંક બદલ હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં અને તેમના માર્ગદર્શન તથા યોગદાનથી સંસ્થા નવી ઊંચાઈઓ હાંસલ કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## ખેરગામમાં દિવ્યાંગ અને વરિષ્ઠોને સહાયક ઉપકરણો આપવા માટે એસેસમેન્ટ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૨૦ :** તા.૧૯ ઓગ.૨૬ના રોજ ખેરગામ કુમાર શાળા પીએમના દિવાળી બા સભાખંડમાં સવારે ૯:૩૦થી સાંજના પાંચ સુધીમાં દિવ્યાંગ-વરિષ્ઠ નાગરિકોને જરૂરિયાત મુજબ વ્હીલચેર, ટ્રાઈસાઈકલ, કૃત્રિમ અંગ અને શ્રવણયંત્ર વૉકર, સ્ટિક-લાકડી, કાખઘોડી અને ઢીન્ચણ સહાયક સહિતના સાધનોનું વિનામૂલ્યે યોગ્યતા આધારે વિતરણ કરવાનુ હોય તેની યોગ્યતાની તપાસ ખરાઈ કરવામાં ૭૫ દિવ્યાંગોને, ૧૯૨ વૃદ્ધ વરિષ્ઠને યોગ્ય સાધન સહાય આપવા માટે કાર્યવાહી થઈ છે જે માટે લાભાર્થીઓએ પોતાને અનુકૂળ સંસાધનનો લાભ પ્રાપ્ત કરવા નોંધણી કરાવી હતી. સાધન સહાય/અંગ ઉપકરણો માટે નોંધણી તો ૫૦૦ થી વધુની થઈ હતી. પરંતુ કેટલીક પૂરાવા વિસંગતતાઓને લીધે જે બાકી



રહ્યા છે તેમને જરૂરી વિગત અધ્યતન કર્યા બાદ સહાય વિતરણ માટે નોધણી કરવામાં આવશે એમ જિલ્લા નાયબ વિકાસ અધિકારી શૈલેષ ચાવડાએ જણાવ્યું હતું. ખેરગામના મામલતદાર વિજયભાઈ પટેલે સવારથી સાંજ સુધી ઉપસ્થિત રહ્યા હતાં.

ભારત સરકાર સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા વયોશ્રી યોજના - દિવ્યાંગજનો વરિષ્ઠો માટે સહાયક ઉપકરણ યોજના જે ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ તથા જિલ્લા વહિવટી તંત્ર, નવસારીના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે નિ:શુલ્ક સહાયક ઉપકરણો આપવા માટે એસેસમેન્ટ કેમ્પ યોગ્યતા શોધ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું.

## વાંસદા ખાતે પોષણ અને આરોગ્ય જન જાગૃતિ ઝુંબેશ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૨૦ :** તા.૧૯/૦૮/૨૦૨૬ જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, વાંસદાના સંયુક્ત ઉપક્રમે અને સેતુ પ્રકલ્પ અંતર્ગત કૉલેજના આચાર્ય ડૉ.વાય.જે. મિસ્ત્રી ના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક શાળા, વડલી, વાંસદાનાં ખાતે બુધવારના રોજ પોષણ અને આરોગ્ય જન જાગૃતિ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો હેતુ પોષણનું મહત્વ, સંતુલિત આહાર, શારીરિક તથા માનસિક વિકાસ, રોગપ્રતિકારક શક્તિ તેમજ માતા, કિશોરી અને બાળકના પોષણ અંગે જનજાગૃતિ લાવવાનો હતો. આ પ્રસંગે સરકારી આયુર્વેદ દવાખાનું, વાંસદાથી ડૉ. નયનાબેન પટેલ, પ્રાથમિક શાળાના આચાર્ય બિપિનચંદ્ર એસ.પટેલ, શિક્ષક હસમુખભાઈ જે.પટેલ, સુપરવાઈઝર દક્ષાબેન આર.પટેલ, આંગણવાડીના આશાવર્કર ઉમાબેન પટેલ, આશાફેસીલેટર અંજનાબેન, ઇછ્બ લલીતાબેન એમ. બાગુલ અને ચોર્યા ગીતાબેન કે. ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ.નયનાબેન પટેલે આંગણવાડી તથા પ્રાથમિક શાળાના બાળકો તેમજ ધાત્રી અને સગર્ભા બહેનોને પોષણ અને આરોગ્ય અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે સ્વસ્થ માતા એટલે તંદુરસ્ત બાળક ગર્ભધારણ બાદ માતાએ પોતાના તેમજ ગર્ભસ્થ બાળકના સ્વાસ્થ્ય માટે નાગલી, અનાજ, મગ, ચણા, ગોળ, દૂધ, દહીં, છાશ, ફળો તથા લીલા પાંદડાવાળા શાકભાજી જેવા પોષણયુક્ત ખોરાકનો આહારમાં સમાવેશ કરવો જોઈએ. ડૉ.નયનાબેન પટેલે બાળકના જન્મ બાદ પ્રથમ છ મહિના સુધી માતાનું ધાવણ આપવાના મહત્વ અંગે સમજ આપી હતી. ત્યારબાદ બાળકની જરૂરિયાત મુજબ પૂરક આહાર શરૂ કરવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માતામાં લોહીની ઊણપ જણાય તો તબીબની સલાહ અને સૂચન મુજબ આયર્નની ગોળીઓ લેવાની જરૂરિયાત સમજાવવામાં આવી હતી. આ ઉપરાંત ICDS વિભાગ તરફથી મળતી પોષણલક્ષી કીટ તથા આરોગ્યલક્ષી માર્ગદર્શનનો યોગ્ય લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ૦ થી ૧૨ વર્ષનાં બાળકો માટે પુષ્ય નક્ષત્રના દિવસે 'સુવર્ણપ્રાશન સંસ્કાર' અંગે પણ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત લાભાર્થીઓને પોષણયુક્ત આહાર, સ્વચ્છતા અને આરોગ્યની યોગ્ય કાળજી અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

## ચીખલી પંથકમાં વાઈરલ બીમારીથી દાવાખાના ઉભરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૦ :** ચીખલી પંથક સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં શરડી, ઉધરસ અને તાવ જેવી વાયરલ બીમારીઓથી દવાખાનાઓ ઉભરાઈ રહ્યા છે. ચીખલીમાં પડેલા ભારે વરસાદ અને કેટલાક ગામોમાં પૂરની પરિસ્થિતિ સર્જાતા હવે લોકો વાયરલ બીમારીનો ભોગ બની રહ્યા છે.

ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં છેલ્લા કેટલાક દિવસોથી શરડી, ઉધરસ અને તાવના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા દવાખાનાઓ માં દર્દીઓને શરદી, ઉધરસ અને તાવ જેવી બીમારીઓના કેશો વધુ આવી રહ્યા છે જોકે બદલાતું જતું વાતાવરણ જેની અસર તેમજ થોડા સમય પહેલા સતત વરસાદ પડેલા વરસાદ અને કેટલાક ગામોમાં પૂરની પરિસ્થિતિ સર્જાતા હવે વાયરલ બીમારીઓ નો ભોગ લોકો બની રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મહિલાઓ ઘરે ઘરે જઈને ફાઈલેરીયા તેમજ મચ્છરોથી થતા તાવ માટે દવા ગોળીનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે અને જે ઘરે બીમાર હોય તેનું સર્વે પણ કરવામાં આવી રહ્યું છે પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં શરડી, ઉધરસ અને તાવ જેવી વાયરલ બીમારીઓ લોકોને સતાવી રહી છે.

## બીલીમોરામાં ઉત્તર ભારતીય માનવ સેવા સમાજ દ્વારા ૩૩મો અખંડ રામાયણ પાઠ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૦ :** બીલીમોરામાં ઉત્તર ભારતીય માનવ સેવા સમાજ સમિતિ દ્વારા કચ્છ કડવા પાટીદાર સમાજ વાડીમાં બુધ, ગુરુ બે દિવસીય પરમ પૂજ્ય સંતશ્રી ગોસ્વામી તુલસીદાસ કૃત ૩૩મો અખંડ રામાયણ પાઠ સાથે તુલસી જયંતિ મહોત્સવ ની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. શ્રાવણના પવિત્ર મહિનામાં સેંકડો શ્રદ્ધાળુઓ એ કથામાં ભાગ લઈ દર્શન, પૂજા, મહાઆરતી અને મહાપ્રસાદ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.



બીલીમોરા માં ઉત્તર ભારતીય માનવ સેવા સમાજ દ્વારા વીતેલા ૩૨ વર્ષો થી શ્રાવણ માસ નિમિત્તે અખંડ રામાયણ પાઠનું અનુષ્ઠાન સાથે તુલસી જયંતિ મહોત્સવની સ્વ.પારસનાથ શુક્લ પરીવારે શરુઆત કરી હતી. જેની એમના સુપુત્ર અને શ્રી ઉત્તર ભારતીય માનવ સેવા સમાજના પ્રમુખપદે આરૂઢ રામબાબુ શુક્લ અખંડ રામાયણ પાઠની પરંપરા આગળ ધપાવી રહયા છે. બીલીમોરા કચ્છ કડવા પાટીદાર વાડીમાં બુધ, ગુરુ બે દિવસ રામાયણ ના શ્લોક,પાઠ અને ભજન સંગીતની અનોખી રમઝટ જામી હતી. બીલીમોરા શ્રી ઉત્તર ભારતીય માનવ સેવા સમાજના વિનોદ ગુપ્તા, ગણેશ દુબે, સિધસદન તિવારી, રાજુ કાંત તિવારી તથા અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ઉતર ભારતીય સમાજ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. ગુરુવારે સાંજે મહાપ્રસાદનું સુંદર આયોજન કરાયું હતું જેનો મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

## બીલીમોરાની મચકડી આંગણવાડી ખાતે પોષણ ઉત્સવની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૦ :** ગણદેવી-૨ ઘટકના બીલીમોરા સેજા હેઠળ મચકડી આંગણવાડી કેન્દ્ર પર ગુરુવારે સુપરવાઇઝર જયશ્રીબેન પરમાર તથા આંગણવાડી સ્ટાફના નીતાબેન, હીનાબેન, પ્રગ્નેશાબેન, હંસાબેન, મીનાબેન, ભાવનાબેન, રોહિણીબેન અને મયુરીબેનના સંયુક્ત પ્રયાસોથી પોષણ ઉત્સવ કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું. આ પ્રસંગે બાળકો અને માતાઓમાં પોષણ જાગૃતિ કેળવાય તે હેતુથી THR (ટેક હોમ



રાશન), પૌષ્ટિક મિલેટ્સ અને સરગવાની વિવિધ આરોગ્યપ્રદ વાનગીઓની સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં વિજેતા પ્રથમ ત્રણ ક્રમાંક સહિતના સ્પર્ધકોને સુપરવાઇઝર જયશ્રીબેન તરફથી સ્ટીલના ડબ્બા તથા આશ્વાસન ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમમાં અર્બન હેલ્થ સેન્ટરના ડૉ. રાજેન્દ્ર ગઢવી, આયુર્વેદ હૉસ્પિટલના ડૉ. રાગિનીબેન, ડૉ. અંકિતાબેન, બીલીમોરા નગરપાલિકાના વોર્ડ સભ્યો અંકિત ટંડેલ, એકતા ટંડેલ, વર્ષાબેન ટંડેલ તેમજ FHW સ્ટાફના હિનલબેન, આરતીબેન, NNM સ્ટાફ પૂજાબેન, PSE પીનલબેન અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## નવસારી જિલ્લાના ખેલાડીઓ શિષ્યવૃત્તિ અને વૃત્તિકા માટે ઓનલાઈન અરજી કરી શકશે

**નવસારી, તા.૨૦ :** સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા એસજીએફઆઈ મારફતે યોજાતી વિવિધ રમતો તેમજ રાષ્ટ્રીયકક્ષાની રમતોમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને સરકારની શિષ્યવૃત્તિ અને વૃત્તિકા યોજનાનો લાભ આપવા માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન એસ.જી.એફ.આઈ. દ્વારા યોજાયેલી વિવિધ રમતોમાં મેડલ વિજેતા ખેલાડીઓને શિષ્યવૃત્તિ તથા રાષ્ટ્રીયકક્ષાની રમતોમાં ભાગ લેનાર ખેલાડીઓને વૃત્તિકા આપવામાં આવનાર છે. આ લાભ મેળવવા માટે પાત્ર ખેલાડીઓએ ફરજિયાતપણે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની વેબસાઈટ www.sportsauthority.gujarat.gov.in પર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૧-૦૮-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** શ્રાવણ, નવમ, **સૂર્યોદય :** ૦૬ : ૨૨ **સૂર્યાસ્ત** ૦૭ :૦૩, **ચંદ્રોદય** - ૦૨:૧૦ **ચંદ્રાસ્ત** - ૧૨:૪૯ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - અનુરાધા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે દરેક પરિસ્થિતિમાં સંતુલન જાળવવું તમારી સાચી તાકાત સાબિત થશે. નોકરી અને વ્યવસાયમાં સહયોગ મળશે પરંતુ જવાબદારીઓ વધશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે તમે તમારી નાણાકીય સુરક્ષા અને બચતને -ાથમિકતા આપશો. વરિષ્ઠ અધિકારીઓ અને અનુભવી લોકોનું માર્ગદર્શન ઉપયોગી રહેશે.

**મિથુન(ક.છ.ઘ) :** મંગળના -ભાવથી આજે તમારો આત્મવિશ્વાસ અને ઊર્જા ચરમસીમાએ રહેશે. કાર્યસ્થળે તમારી બુદ્ધિમત્તા અને વાતચીતની શૈલીથી લોકો પ્રભાવિત થશે.

**કર્ક(ડ.હ) :** ગુરુની કૃપાથી ભવિષ્યની આર્થિક યોજનાઓ બનાવવામાં સરળતા રહેશે. કોઈપણ મોટો નિર્ણય લેતી વખતે ધીરજ અને સંયમ રાખવો ફાયદાકારક બનશે.

**સિંહ(મ.ટ.) :** સૂર્યની મજબૂત સ્થિતિ તમારાત્મવિશ્વાસ અને સામાજિક પ્રતિષ્ઠામાં વધારો કરશે.કાર્યક્ષેત્રે આગળ વધીને જવાબદારીઓ સ્વીકારશો જે ફળદાયી સાબિત થશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** શુક્રની સ્થિતિને ધ્યાનમાં રાખીને નાણાકીય નિર્ણયો ખૂબ વિચારીને લેવા. નાની-નાની ભૂલોમાંથી શીખીને શાંતિથી આગળ વધવાનો દિવસ છે.

**તુલા (ર.ત.) :** કિસ્મતનો સાથ મળવાથી કલા કે ક્રિએટિવ ક્ષેત્રે વિશેષ સફળતા મળશે. આર્થિક બજેટ અને ભવિષ્યની યોજનાઓ વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજરોજ ચંદ્ર તમારી જ રાશિમાં હોવાથી મન થોડું સંવેદનશીલ રહી શકે છે. કાર્યોમાં ઉતાવળ કરવાને બદલે વિવેક અને સંયમથી કામ લેવું.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** દીર્ઘદ્રષ્ટિ અને સંશોધન બાદ જ કોઈપણ નવું પગલું ભરવું હિતાવહ છે. સામાજિક નેટવર્ક અને મિત્રોના સહયોગથી ધનલાભના યોગ બનશે.

**મકર(જ.ખ) :** કાર્યક્ષેત્રે તમારી મહેનત અને અનુશાસન રંગ લાવશે. અગાઉની કામગીરીની કમીઓમાં સુધારો કરવાની ઉત્તમ તક છે.

**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોમાં પસાર થઈ શકે છે. કોઈપણ નવો દસ્તાવેજ કે તથ્ય તપાસ્યા વગર આગળ ન વધવું.

**મીન(દ.ચ.ઝ.થ.) :** વક્ર ચાલ ધરાવતા શનિને લીધે નવું સાહસ કરવાના બદલે જૂના કામ પતાવા. કોઈપણ મોટો નિર્ણય લેતા પહેલાં અનુભવીઓની સલાહ અવશ્ય લેવી.

## દમણ રેડિયો

**102.3 FM**

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 3 | | 8 | | | 5 |
| | | 7 | | | | 1 | | |
| 9 | 3 | | | | | | 4 | 6 |
| 1 | 2 | | 6 | | 5 | | 8 | 3 |
| | | | | | | | | |
| 6 | 8 | | 4 | | 1 | | 2 | 7 |
| 7 | 9 | | | | | | 6 | 2 |
| | | 1 | | | | 7 | | |
| 8 | | | 7 | | 6 | | | 9 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૫૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 1 | 7 | 2 | 6 | 9 | 8 | 3 |
| 8 | 3 | 6 | 5 | 9 | 1 | 4 | 7 | 2 |
| 2 | 7 | 9 | 8 | 3 | 4 | 6 | 5 | 1 |
| 9 | 6 | 2 | 3 | 7 | 8 | 1 | 4 | 5 |
| 1 | 5 | 3 | 2 | 4 | 9 | 8 | 6 | 7 |
| 7 | 8 | 4 | 6 | 1 | 5 | 3 | 2 | 9 |
| 4 | 9 | 7 | 1 | 6 | 2 | 5 | 3 | 8 |
| 3 | 1 | 5 | 4 | 8 | 7 | 2 | 9 | 6 |
| 6 | 2 | 8 | 9 | 5 | 3 | 7 | 1 | 4 |

# છીપવાડ ગરનાળામાં બિસ્માર રસ્તાથી વાહન ચાલકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ શહેરના છીપવાડ રેલવે ગરનાળાને દીવાલના સમારકામ અર્થે આગામી ૧૫ દિવસ માટે વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યું છે. જોકે, તંત્ર દ્વારા માત્ર દીવાલનું જ સમારકામ હાથ ધરાઈ રહ્યું હોવાથી વાહન ચાલકો, સ્થાનિક નાગરિકો અને વેપારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ગરનાળાનો રસ્તો લાંબા સમયથી અત્યંત બિસ્માર અને ખાડા-ટેકરાવાળો હોવા છતાં તેનું નવીનીકરણ ન થતાં લોકોમાં રોષ ફેલાયો છે. વલસાડ શહેરના છીપવાડ રેલવે ગરનાળા માંથી ૨૦ થી વધુ ગામોના લોકોની રાત દિવસ મોટા પ્રમાણમાં થતી હોય છે. ૨૩ જુલાઈના રોજ વલસાડમાં આવેલા પૂરના કારણે ગરનાળામાં નો રસ્તો ખરાબ થઈ ગયો હતો. તો બાજુની સ્ટેટ હાઈવે ની સત્તાની દીવાલ તૂટી પડી હતી. જેના કારણે માર્ગ મકાન વિભાગ દ્વારા ૧૫ દિવસ સુધી એ રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. વાહન ચાલકો અને લોકોને એવું લાગતું હતું કે અંદર તેઓ બ્લોક અને ડામર રસ્તો બનાવવાની કામગીરી થતી હોય તેથી લોકોને રાહત મળશે એવી આશા હતી પરંતુ માત્ર એ લોકો સ્ટેટ હાઈવે ના સાઈડની દિવાલ પથ્થરાને માટી ખસેડવામાં આવી હતી કે બાદ હાલમાં જ ફરીવાર છીપવાડ રેલવે ગરનાળ રેલવે દ્વારા રીપેરીંગ કામ હોવાના કારણે ૧૫ દિવસ માટે બંધ કરવામાં આવ્યું હતું. ગરનાળામાં રીપેરીંગ થઈ ગયું હોય તે રીતે ૧૮મી ના રોજ ફરીવાર ખુલ્લું કરી દેવામાં આવ્યું હતું . ૨૦ થી વધુ લોકોને ગામોના લોકોને વાહનચાલકોને નાળામાં રસ્તાનું રીપેરીંગ કામ થયું હોય તેવું લાગતું હતું. જોકે રસ્તા ખુલ્યા બાદ તેની તે જ પરિસ્થિતિ જોવા મળતા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો નાડાની અંદર એટલી હદે ખારા ટેકરા, વરસાદી પાણી નો ભરાવો થતા વહનચાલકો તો ઠીક પરંતુ રસ્તે ચાલનાર રાહદારીએ પણ પોતાનો રસ્તો અંદર શોધવો પડતો હતો. જે અંગે વલસાડ ના સ્થાનિક અગ્રણી અને વેપારી દિનેશ ભાનુશાલીએ જણાવ્યું હતું કે, ૧૫ દિવસ સુધી ગરનાળું બંધ રાખવામાં આવ્યું છે ત્યારે દીવાલની સાથોસાથ જો રસ્તાનું પણ સંપૂર્ણ ડામર કરણ કે સમારકામ કરી દેવાય, તો વલસાડ શહેર સહિત છેક ખેરગામ સુધી અવરજવર કરતી હજારો જનતાને કાયમી ધોરણે મોટી રાહત મળી શકે તેમ છે. વલસાડ શહેરીજનો અને આજુબાજુ વિસ્તારના લોકોની માર્ગ મકાન વિભાગ દ્વારા પરિસ્થિતિની ગંભીરતા સમજી છીપવાડ ગરનાળાના રસ્તાનું તાત્કાલિક સમારકામ પૂર્ણ કરવામાં આવે તેમજ વૈકલ્પિક માર્ગોના ખાડા તાબડતોબ પૂરીને વલસાડની જનતાને ટ્રાફિક અને અકસ્માતની હાલાકીમાંથી મુક્તિ અપાવવામાં આવે એવી માંગણી થઈ રહી છે.

# વાપી વિશ્વકર્મા હોલમાં ૧૭ કલાકારોનું તબલાવાદન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી વિશ્વકર્મા હોલમાં સાધક તબલા પરિવાર દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ સરસ્વતી વંદના કરી ત્યારબાદ, ૧૭ જેટલા શિષ્યોએ તબલા વાદન તથા વાંસળીના સૂરો થી શ્રોતાઓને મંત્ર મુગ્ધ કર્યા પછી ગુરુજીએ તબલા વાદનથી વાતાવરણ ને સંગીતમય બનાવી દીધું હતું.

ત્યાર બાદ જે શિષ્યો તબલાની પરીક્ષા માં ઉત્તીર્ણ થયા હતા તેમને ગુરુજી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા અને ગુરુજીએ તમામ શિષ્યોને શુભેચ્છા તથા આશીર્વાદ આપ્યા હતા.

સાથે જ પધારેલ તમામ વાલીઓ તથા મહેમાનોનો આભાર માન્યો હતો. ગુરુજી અવિનાશ સરની પ્રેરણાથી અવધેશ, અક્ષર, વ્યોમ અને નેહલ બેન એ આ કાર્યક્રમનું કુશળ સંચાલન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અંત માં ચી. ત્વરા દેસાઈ એ ગુરુજી પ્રતિ આભાર વ્યક્ત કરી કાર્યક્રમની વિધિવત પુર્ણાહુતી કરી હતી.

# કચીગામમાં જલારામ બાપાનું સદાવ્રત

**છેલ્લા બે વર્ષથી દર ગુરુવારે ૫૫૦થી ૬૦૦ લોકો મહાપ્રસાદનો લાભ લે છે**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** સંઘ પ્રદેશ દમણના કચીગામ ખાતે જલારામ બાપાના સદાવ્રત અંતર્ગત દર ગુરુવારે મહાપ્રસાદનું આયોજન સુધીરભાઈ દેસાઈ અને ભાસ્કરભાઈ વડોદરિયા દ્વારા કરવામાં આવે છે. આ સેવા પ્રવૃત્તિની શરૂઆત સુધીરભાઈ દેસાઈ પરિવાર દ્વારા સ્વતંત્ર સેનાની મનુભાઈ દેસાઈના કમ્પાઉન્ડમાં, કચીગામ-દમણ ખાતે પીએસએલ કંપની સામે આજથી બે વર્ષ પહેલાં તા. ૮-૮-૨૦૨૪ના રોજ કરવામાં આવી હતી. શરૂઆતના તબક્કામાં માત્ર ૫૦ જેટલા વ્યક્તિઓ માટે મહાપ્રસાદની સેવા શરૂ કરવામાં આવી હતી. સમય જતાં આ સેવા પ્રવૃત્તિનો વ્યાપ સતત વધ્યો છે અને આજે દર ગુરુવારે અંદાજે ૫૫૦થી ૬૦૦ લોકો મહાપ્રસાદનો લાભ લઈ રહ્યા છે.

આ સદાવ્રતનું આયોજન સુધીરભાઈ મનુભાઈ દેસાઈ અને ભાસ્કરભાઈ કસ્તુરચંદ વડોદરિયા દ્વારા કરવામાં આવે છે. મહાપ્રસાદ માટેની રસોઈ બનાવવાની સેવા બીપીનભાઈ રાવલ દ્વારા કોઈપણ પ્રકારનું મહેનતાણું લીધા વિના વિનામૂલ્યે કરવામાં આવે છે. હાલમાં દર ગુરુવારે કચીગામ, વાપી તથા આસપાસના વિસ્તારોમાંથી લોકો જલારામ બાપાના સદાવ્રત સ્થળે પહોંચી શ્રદ્ધાપૂર્વક મહાપ્રસાદ ગ્રહણ કરી રહ્યા છે. આ સેવાકાર્ય દ્વારા ધાર્મિક ભાવના સાથે સમાજસેવાનો સુંદર સંદેશ પણ પ્રસરાવવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે સુધીરભાઈ મનુભાઈ દેસાઈ સ્વતંત્ર સેનાની મનુભાઈ દેસાઈના પુત્ર છે અને દમણમાં ઉદ્યોગ ધરાવે છે અને સામાજિક તેમજ સેવાકીય ક્ષેત્રે સંકળાયેલા છે. દેસાઈ પરિવાર દ્વારા છેલ્લા બે વર્ષોથી ચાલી રહેલી આ અન્નસેવા આજે અનેક લોકો માટે શ્રદ્ધા અને સેવાનું કેન્દ્ર બની છે. જોકે કેટલાક લોકો અહીં સેવાકીય પ્રવૃત્તિમાં મદદરૂપ થવા માટે દર ગુરુવારે વાપી શહેર થી આવે છે.

# ઉમરસાડી માછીવાડમાં પૂ. સંત રવિદાસ મહારાજની કળશયાત્રા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૦ :** પારડી તાલુકાના ઉમરસારી માછીવાડ ગામમાં પારડી તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા પૂજ્ય સંત રવિદાસ મહારાજની કળશ યાત્રા યોજવામાં આવી હતી પારડીના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ ની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલી પૂજ્ય સંત રવિદાસ મહારાજની કળશ યાત્રામાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા અહીં ઉંમરસાડી માછીવાડ ગામમાં આજે તારીખ ૨૦ મી ઓગસ્ટના રોજ વહેલી સવારે પારડીના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ ની રાહભરી હેઠળ માછીવાડ ગામના સરપંચ ખુશ્બુબેન ટંડેલ પોતાના માથામાં પવિત્ર કળશ લઈ અને પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબે ને પોતાના હાથમાં પૂજ્ય સંત રવિદાસ મહારાજ ની પ્રતિમા લઈ માછીવાડના ભંડારવાડ કળ સ યાત્રા શરૂ કરી હતી.

ધારાસભ્ય સાથે ઉમર સાડી બેઠક ના જિલ્લા પંચાયત સભ્ય અને જિલ્લા કારોબારી સમિતિના ચેરમેન પ્રજ્ઞેશભાઈ પટેલ પારડી તાલુકા ભાજપ સમિતિના પ્રમુખ પુનિતભાઈ પટેલ મહામંત્રી હરેશભાઈ જીગ્નેશભાઈ મંત્રી ધવલભાઈ દેસાઈ જિલ્લા પંચાયત સદસ્ય નરેશભાઈ પટેલ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ સાથે અન્ય તાલુકા પંચાયતના સદસ્યો કીકરલા ગામના સરપંચ મનોજભાઈ પટેલ ઉમરસાડી દેસાઈવાડ ગામના સરપંચ રાજેશભાઈ નાયકા કોટલાવ ગામના સરપંચ દિનેશભાઈ ડુંગરી ના સરપંચ રવિન્દ્રભાઈ છેલ્લાઓના સરપંચ મયંકભાઈ વગેરે ગામના સરપંચો માછીવાડ ગામના આગેવાનો દિલીપભાઈ ટંડેલ નાનુભાઈ ટંડેલ મનહરભાઈ ભંડારી સાથે અન્ય વિશાળ સંખ્યામાં આગેવાનો ભાઈ બહેનો વિશાળ સંખ્યામાં પૂજ્ય રવિદાસ મહારાજની કળશ યાત્રામાં જોડાયા હતા.

કળસ યાત્રા પૂજ્ય લક્ષ્મીનારાયણ મંદિરમાં પહોંચી હતી જ્યાં સરપંચ ખુશ્બુ બેને કળશને સ્થાપિત કર્યો હતો અને મહાલક્ષ્મી માતા વિષ્ણુ ભગવાનની કનુભાઈએ પૂજા કર્યા બાદ નાનકડી મીટીંગ યોજાઈ હતી જેમાં ઉંમરસાડી જિલ્લા પંચાયતમાં આવતા દરેક ગ્રામ પંચાયતના સરપંચોને કળશનું વિતરણ ધારાસભ્ય કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યો હતો. વડા-ધાન નરેન્દ્રભાઈ મોદી ના સ્વચ્છ ગામ સુંદર ગામના સ્વપ્નને સાકાર કરવામાં આવી રહ્યું છે ગામમાં સંપૂર્ણપણે સ્વચ્છતા રાખી ગામને વિકસિત કરવા માટેની દરેક કામગીરીને વેગ આપવામાં આવી રહ્યું છે.

**ભાજપના રાષ્ટ્રીય મહા સચિવ તરીકે સતીશ પુનિયાની નિમણુંક**

# વાપી રાજસ્થાની સમાજ દ્વારા મીઠાઈ વહેંચી ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યસભા સાંસદ સતીશ પુનિયાને બીજેપી ના રાષ્ટ્રીય મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને તેમને પંજાબના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા બાદ મંગળવારે રાજસ્થાન ભવનમાં રાજસ્થાન અને હરિયાણા સમુદાયના અધિકારીઓ અને સભ્યોએ ઉજવણી કરી. ઉપસ્થિત લોકોએ એકબીજાને મીઠાઈ વહેંચીને સતીશ પુનિયાની નિમણૂક પર આનંદ વ્યક્ત કર્યો. કાર્યક્રમ દરમિયાન, સતીશ પુનિયાનો વીડિયો કોલ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો અને તેમની નવી જવાબદારી બદલ અભિનંદન પાઠવ્યા. સમુદાયના નેતાઓએ ભાજપ સંગઠનમાં મુખ્ય વ્યક્તિ તરીકે સતીશ પુનિયાની નિમણૂક પર ગર્વ વ્યક્ત કર્યો. તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે પુનિયા તેમની નવી ફરજો કાર્યક્ષમ રીતે નિભાવશે અને સંગઠનને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ પ્રસંગે રાજસ્થાન પ્રગતિ મંડળના પ્રમુખ શ્રવણ નૈન, ટ્રસ્ટીઓ રાજેશ દુગ્ગડ, બીકે દયામા, દિનેશ દયામા, ઓમપ્રકાશ ચૌધરી, આરસી ચૌધરી, જાટ સમુદાયના સુનીલ સાંગવાન અને રાજસ્થાન અને હરિયાણા સમુદાયના અનેક અગ્રણી વ્યક્તિઓ હાજર રહ્યા હતા. ઉપસ્થિત નેતાઓએ જણાવ્યું હતું કે સતીશ પુનિયા વાપી અને તેની આસપાસ રહેતા સ્થળાંતર કરનારાઓ સાથે ખાસ જોડાણ ધરાવે છે. આ મહત્વપૂર્ણ જવાબદારી પર તેમની નિમણૂકથી લોકો ઉત્સાહિત છે.

# નાનીવહીયાળ હાઈસ્કૂલના ક્લાર્કનું મહાન રક્તદાતા તરીકે સન્માન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૨૦ :** વોક ટુ ગેધર્સ શ્રીઉમેદભાઈ દોશી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, નાનીવહીયાળ, તા. ધરમપુરના સિનિયર ક્લાર્ક પ્રફુલભાઈ નટુભાઈ આહિરે ૭૨મી વખત રક્તદાન કરીને રક્તદાન મહાદાનના સૂત્રને સાચા અર્થમાં સાકાર કર્યું છે. તેમની આ ઉમદા સેવાકીય ભાવના અને સમાજ પ્રત્યેના અનન્ય યોગદાનને બિરદાવવા માટે દક્ષિણ ગુજરાત ખેરગામ વિભાગ આહીર સમાજ સાર્વજનિક મંડળ દ્વારા આયોજિત મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના આદિજાતિ, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે પ્રફુલભાઈ આહિરેને



સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રફુલભાઈ આહિરે વર્ષોથી નિયમિત રક્તદાન કરીને અનેક જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમનું આ કાર્ય સમાજ માટે પ્રેરણાદાયી બની રહ્યું છે અને યુવાનોને પણ રક્તદાન માટે પ્રોત્સાહિત કરે છે.શાળાના સમગ્ર પરિવાર દ્વારા પ્રફુલભાઈ આહિરેને આ સન્માન બદલ હર્ષ અને આનંદની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી તેમજ તેમના સેવાભાવી કાર્ય માટે હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શાળા પરિવારને ગર્વ છે કે તેમના સ્ટાફના સભ્યએ માનવસેવાના ક્ષેત્રમાં એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.



વાપી પ્રણામી મંદિરમાં ૧૫ ઓગસ્ટે ભગવાનનો તીર્ણગથી શણગાર કરાયો હતો. વાપી ટાઉનમાં સ્થિતિ શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરમાં દર બે ત્રણ દિવસે ભગવાનને અલગ અગલ શણગાર કરવામાં આવે છે ગત ૧૫ ઓગસ્ટે ભગવાનને તિરંગથી શણગારવામાં. આવ્યા હતા.

# વાપી ઈનરવ્હીલ કલબ દ્વારા ૮૦મો સ્વાતંત્રતા દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** ઈનર વ્હીલ કલબ ઓફ વાપી, ડીસ્ટ્રીકટ ૩૦૬ ધ્વારા ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ રોફેલ કોલેજ, નામધા ખાતે ૮૦ માં સ્વતંત્ર દિવસની ઉજવણી તથા વંદે ભારતના ૧૫૦ વર્ષની ઉજવણી ઈનર વ્હીલ ક્લબના પ્રેસીડેન્ટ વીમી મહેતાની અધ્યક્ષતામાં કરવામાં આવેલ હતી. કાર્યક્રમનો પ્રારંભ સવારે ૮.૩૦ કલાકેઈનર વ્હીલ કલબના પ્રેસીડેન્ટ વીમી મહેતા ધ્વારા ધ્વજવંદનથી થયો હતો. તેમજ તેણીએ પ્રાસંગીક પ્રવચન પણ કરેલ હતું. આ પ્રસંગે કોલેજના આચાર્ય હેમાલીબેન, એન.સી.સી. કેડેટસ, કોલેજના વિદ્યાર્થીઓ, ફેકલ્ટીના અધ્યક્ષો તથા ઈનર વ્હીલ કલબ ઓફ વાપીના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. ઈનર વ્હીલ કલબ ઓફ વાપીના પ્રમુખ વીમી મહેતાએ હિન્દીમાં પ્રેરણાદાયી સંબોધન કર્યુ હતુ કે રાષ્ટ્ર સેવા માત્ર મોટા કાર્યો જ ધ્વારા નહી પરંતુ દરેક નાનકડા સેવા કાર્યો ધ્વારા પણ કરી શકાય છે. તેમજ ભારત દેશના નિર્માણમાં દરેક વ્યકિતનો યોગદાન મહત્વપૂર્ણ તથા અમૂલ્ય છે.

આ પ્રસંગે કલબના સભ્ય હીનાબેન શુકલા ધ્વારા ૧૦૦ વિશેષ સ્વાતંત્ર દિવસ કીટસ તથા પ્રમુખ વીમી મહેતા ધ્વારા પ્રાયોજીત ચોકલેટ વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવેલ હતી.

Fit Girl Flagship Project અંર્તગત યોગગુરૂ પૂર્વીબેન શાહ ધ્વારા ધ્યાન અને વેલનેશ સેશન યોજવામાં આવેલ હતો. આ સેશન ધ્વારા વિદ્યાર્થીઓમાં શારીરીક તંદુરસ્તી સાથે માનસીક સ્વાસ્થય અને સુખાકાર્ય અંગે જાગૃતિ લાવવામાં આવી હતી.

રોફેલ કોલેજના વિદ્યાર્થીઓ ધ્વારા સુંદર દેશ ભકિતપૂર્ણ સાંસ્કૃતિક પ્રસ્તુતી રજૂ કરવામાં આવી હતી. જેના કારણે સમગ્ર વાતાવરણમાં દેશ ભક્તિ અને ઉત્સાહનો મહોલ સર્જાયો હતો. આ સમગ્ર કાર્યક્રમ ધ્વારા દેશ ભક્તિ, યુવા સશક્તિકરણ, આરોગ્ય અને સુખાકારી, સાંસ્કૃતિક ભાવના તથા સેવાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. તેમજ હર્ષોઉલ્લાશ સાથે સમગ્ર કાર્યક્રમ સંમ્પન્ન થયેલ હતો.

# ભીલાડ પ્રા. શાળામાં ૮૦-મો સ્વાતંત્ર્ય દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૦ :** ભીલાડ પ્રાથમિક શાળામાં ઝરમર વરસતા વરસાદમાં પણ ૮૦- માં સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સને ૨૦૧૦માં ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત કરનાર, વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના ઉપપ્રમુખ અશરફભાઈ ચુડાસમા સાહેબના વરદ હસ્તે તિરંગા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ ધ્વજવંદન કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખ પિયુષભાઈ શાહ મુખ્ય મહેમાન તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા. સામાજિક કાર્યકર્તા ગૌતમભાઈ કિતાવત તેમજ ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ સાથે વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં. બેટી બચાઓ બેટી પઢાઓ એક પેડ માં કે નામ મારું સ્વચ્છ ભારત અભિયાનોને સૌ સાથે મળી વેગવંતા બનાવીએ. મુખ્ય મહેમાન પિયુષ શાહે સૌને દેશભક્તિનાં રંગોથી રંગાઈ જવા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને ઘર ઘર પહોંચાડવા સૌને આહવાન કર્યું હતું.

વંદેમાતરમ ભારતમાતાકી જય ના નાદોથી સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બન્યું હતું. શાળાના ઉત્સાહી આચાર્ય ભરતભાઈ પટેલે વરસાદી વાતાવરણમાં પણ મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ શાળાનાં બાળકો ખાસ ઉપસ્થિત રહેવા બદલ શાળા પરિવાર વતી સૌનો આભાર વ્યક્ત કર્યો. કાર્યક્રમનું સફળ સંચાલન મનીષાબેને કર્યું હતું.

# ઓઝરડામાં અસરગ્રસ્ત પરિવારોને જીવન જરૂરિયાતની કીટનું વિતરણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૨૦ :** નાનાપોઢા તાલુકાના ઓઝરડા ગામે દોલધા નદીના કિનારે વસવાટ કરતા ચોમાસાથી અસરગ્રસ્ત પરિવારોની મદદ માટે વાપીના દાતાઓ આગળ આવ્યા હતા. ભારે વરસાદ અને નદીના પાણીના કારણે અસરગ્રસ્ત બનેલા પરિવારોને રાહત મળે તે હેતુથી જીવન જરૂરિયાતની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય કામગીરી અંતર્ગત હરીશભાઈ પટેલ અને તેમના પત્ની મીરાબેન પટેલ ઓઝરડા ગામે પહોંચ્યા હતા.

તેમણે દોલધા નદી કિનારે રહેતા અસરગ્રસ્ત પરિવારોની મુલાકાત લઈ તેમની પરિસ્થિતિ જાણી હતી અને ત્યારબાદ જરૂરિયાત મુજબ જીવન જરૂરી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કર્યું હતું. વરસાદી માહોલમાં પરિવારોએ વેઠેલી મુશ્કેલીઓ વચ્ચે મળેલી આ મદદથી અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત મળી



હતી. આ કીટ વિતરણ માટે પરેશભાઈ, વાપી નગરપાલિકાના માજી પ્રમુખ પંકજભાઈ પટેલ તેમજ ગુડુંભાઈની માતાની યાદમાં સહયોગ આપવામાં આવ્યો હતો. દાતાઓના સહયોગથી જરૂરિયાતમંદ પરિવારો સુધી સહાય પહોંચાડવામાં આવી હતી.

સ્થાનિક ગ્રામજનોએ માનવતાભરી આ સેવાકીય કામગીરી બદલ દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોએ જણાવ્યું હતું કે કુદરતી આફત કે ભારે વરસાદ જેવી પરિસ્થિતિમાં અસરગ્રસ્ત પરિવારોને સમયસર જીવન જરૂરિયાતની સામગ્રી મળી રહે તે અત્યંત જરૂરી છે.

વાપીના દાતાઓ દ્વારા ઓઝરડા ગામે કરવામાં આવેલી આ મદદ માત્ર સામગ્રી વિતરણ પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ મુશ્કેલીના સમયમાં અસરગ્રસ્ત પરિવારોની સાથે સમાજ ઊભો છે તેવો માનવતાનો સંદેશ પણ આપ્યો હતો.

# વલસાડ જિલ્લાના ખેડુતો માટે વિવિધ બાગાયતી ઘટકો માટે પોર્ટલ ખુલ્લુ મુકાયું

**વલસાડ, તા. ૨૦ :** વલસાડ જિલ્લામાં બાગાયતી ખેતી કરતા ખેડૂતોને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ફરી એકવાર વિવિધ સહાયલક્ષી યોજનાઓમાં લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે. બાગાયત ખાતાની યોજનાઓનો લાભ લેવા માંગતા ખેડૂતોએ Ikhedut Portal 2.0 (web site:www.ikhedut.gujarat.gov.in). અરજી કરવાની રહેશે, તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી પ્રિન્ટ લઈ ખેડૂતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે.

જેની નકલ મંજૂરી મળ્યા બાદ ક્લેઈમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સહિત જિલ્લાની બાગાયત કચેરી ખાતે જમા કરાવવાના થશે.

વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, વલસાડનો સંપર્ક (ફોન નં. ૦૨૬૩૨- ૨૪૩૧૮૩) કરવાનો રહેશે એવુ નાયબ બાગાયત નિયામક, વલસાડ દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# વાપીના કાંતિભાઈ પટેલે માઉન્ટ એલબ્રસ સર કરી સિદ્ધિ મેળવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** વાપી-સલવાવના સાહસિક પર્વતારોહક કાંતિભાઈ હરિભાઈ પટેલે ઉંમર વર્ષ ૬૭ ના એ યુરોપ ખંડનું સૌથી ઊંચું અને રશિયાનું સર્વોચ્ચ શિખર ગણાતા માઉન્ટ એલબ્રસ (૫,૬૪૨ મીટર/ ૧૮,૫૧૦ ફૂટ) પર સફળતાપૂર્વક ચઢાણ કરી વાપીનું ગૌરવ વધાર્યું છે. તેમણે ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ માઉન્ટ એલબ્રસનું શિખર સર કર્યું હતું.માઉન્ટ એલબ્રસ વિશ્વના સાત શિખરો (Seven Summits) પૈકીનું એક છે. કાંતિભાઈ પટેલની વિશ્વના સાત શિખરોમાં આ બીજી સફળતા છે. અગાઉ તેમણે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ આફ્રિકા ખંડનું સૌથી ઊંચું શિખર માઉન્ટ કિલિમાન્જારો સફળતાપૂર્વક સર કર્યું હતું.માઉન્ટ





એલબ્રસનુ ચઢાણ અત્યંત પડકારજનક માનવામાં આવે છે. અણધાર્યું વાતાવરણ, ભારે પવન, સતત બરફવર્ષા અને વાવાઝોડા જેવી પરિસ્થિતિ વચ્ચે કાંતિભાઈ પટેલે અડગ મનોબળ સાથે ચઢાણ પૂર્ણ કર્યું હતું. ચઢાણ દરમિયાન તાપમાન આશરે માઈનસ ૧૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું, જ્યારે ઠંડા પવનને કારણે અનુભવાતું તાપમાન આશરે માઈનસ ૩૫ ડિગ્રી સેલ્સિયસ જેટલું થઈ ગયું હતું. આવી અત્યંત ઠંડી અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિ વચ્ચે પણ હિંમત હાર્યા વિના કાંતિભાઈ પટેલે માઉન્ટ એલબ્રસના શિખર સુધી પહોંચીને સફળતાનો તિરંગો લહેરાવ્યો હતો. તેમની આ સિદ્ધિ વાપી-સલવાવ વિસ્તાર તેમજ સમગ્ર ગુજરાત માટે અને સાથે ભંડારી સમાજનુંપણ ગૌરવ વધાર્યુંછે. કાંતિભાઈ પટેલની આ ૬૭વર્ષની ઉમરે પર્વતારોહણ સિદ્ધિ સાહસ, સંકલ્પ અને અડગ આત્મવિશ્વાસનું ઉત્તમ ઉદાહરણ બની છે. વિશ્વના સાત શિખરો સર કરવાના તેમના અભિયાનમાં માઉન્ટ એલબ્રસની આ સફળતા વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થઈ છે.

# ચંદ્ર પર ભારતના નામે કેટલાં સરનામાં?




**સાયન્સ કોર્નર**
**- વિકાસ ઉપાધ્યાય**

૨૩મી ઓગસ્ટે ભારત એનો ત્રીજો રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવાશે. ઓગસ્ટ માસ આમ પણ ભારતના અવકાશક્ષેત્રમાં મહત્વનો છે.આ માસમાં જ ભારતના અવકાશ કાર્યક્રમના જનક એવા પદ્મવિભૂષણ ડો.વિક્રમભાઈ સારાભાઈનો જન્મદિવસ તા. ૧૨મી ઓગસ્ટ આવે છે અને તા. ૧૫ ઓગસ્ટે ભારતીય અવકાશ સંસ્થા ઈસરોની સ્થાપનાનો દિવસ પણ હોય છે. વધુમાં ચંદ્રના દક્ષિણધ્રુવ પર વિશ્વમાં પ્રથમવાર ભારતના ચંદ્રયાન-ત્રણનું સોફ્ટ લેન્ડિંગ થયું. એ સિદ્ધનો દિવસ તા. ૨૩મી ઓગસ્ટ પણ આવે છે. એટલે કે ૧૨ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટ ને આવરી લે એવું અવકાશ પખવાડિયું ઉજવી શકાય તેમ છે.

ઈ.સ. ૨૦૨૩ માં ૨૩મી ઓગસ્ટે ઈસરોએ આ ઝળહળતી સિદ્ધિ મેળવી ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બેંગ્લોરમાં ઈસરોના વૈજ્ઞાનિકો અને ઈજનેરોને સંબોધતા તા.૨૬/૦૮/૨૦૨૩ના એ વાતની જાહેરાત કરી હતી કે હવેથી ભારત દર વર્ષે પોતાની આ સિદ્ધિને ઉજવવા માટે અને એ રીતે દેશમાં વૈજ્ઞાનિક અભિગમ તથા પ્રેરણા ના સંચાર માટે 'નેશનલ સ્પેસ ડે' તરીકે ૨૩ ઓગસ્ટને ઉજવશે. એ દિવસે તેમણે ચંદ્રયાન ત્રણના લેન્ડર 'વિક્રમ' અને 'રોવર પ્રજ્ઞાન' જ્યાં સફળતાથી ઉતર્યા એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ વિસ્તારના એટેકન બેઝના મેંગીનસ-સી અને સિમ્પલિયમ-એન નામના ક્રેટરો વચ્ચેના સ્થળને 'શિવ શક્તિ પોઈન્ટ' તરીકે ઓળખાવામાં આવે અને આ પહેલા ચંદ્ર પર અગાઉના મૂનમિશન ચંદ્રયાન-બેનું તા. ૬ સપ્ટેમ્બર ૨૦૧૯ના જ્યાં ક્રેશ લેન્ડિંગ થયું હતું એ સ્થળને 'તિરંગા પોઈન્ટ' તરીકે ઓળખવામાં આવે એવી જાહેરાત કરી હતી. ચંદ્ર પર ભારતની ઓળખને સ્થાપિત કરતાં આ સ્થળો ઉપરાંત જ્યાં ચંદ્રયાન-એકનું મૂન ઈમ્પેક્ટર પ્રોબ પછડાયું હતું અને એ રીતે ભારતના તિરંગાને ચંદ્ર પર પહોંચાડ્યો હતો એ સ્થળને અગાઉથી જ જવાહર પોઈન્ટ તરીકે જાહેર કરાયેલો હતો. ઉલ્લેખનીય છે કે, જ્યારે ચંદ્રયાન-એકના પ્રોજેક્ટ અંગે આપણા પૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલમેન ડો. એ.પી.જે. અબ્દુલ કલામને માહિતી આપવામાં આવી ત્યારે તેમણે પોતાનો એવો મત આપ્યો હતો કે, ભારત માત્ર ચંદ્રની પ્રદક્ષિણા કરીને પાછું શા માટે આવે? એણે ચંદ્ર પર પોતાની હાજરી પુરાવી જોઈએ. એટલે સાથે એવું સૂચન કર્યું કે ઓર્બીટરની સાથે એક ઈમ્પેક્ટર પણ મોકલવું જોઈએ. જે ચંદ્રની ધરતીને સ્પર્શી તિરંગો ત્યાં પહોંચાડે અને સાથે એ દરમિયાન સંશોધન પણ કરે. જ્યારે ઈમ્પેક્ટર ચંદ્ર પર એના દક્ષિણ ધ્રુવ વિસ્તારના શેકલટન ક્રેટર નજીક પટકાયું એ દિવસ યોગાનુયોગ તા. ૧૪મી નવેમ્બર ૨૦૦૮ હતો અને ૧૪ નવેમ્બર એટલે આપણા પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુનો જન્મદિવસ. એમણે ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીને આગળ વધારવામાં જે ફાળો આપ્યો કે શરૂઆત કરાવી એ નવા ભારતની ઓળખ માટે મોટું પ્રદાન ગણાય એટલે ખુદ ડો.કલામે જ આ સ્થળને 'જવાહર પોઈન્ટ' નામ આપવાનું સૂચન કર્યું હતું. આ ઈમ્પેક્ટરે ચંદ્ર પર હારાકિરી કરતા પહેલાં જ મહત્વના રીડિંગો લીધા અને એના આધારે ચંદ્ર પર પાણીના અણુઓ એટલે કે હાઈડ્રોકસિલની હાજરીની પુષ્ટિ વિશ્વમાં પ્રથમવાર થઈ હતી અને ચંદ્ર પર પાણી શોધનાર તરીકે પણ ભારત પ્રથમ દેશ બન્યો હતો. આ એ સિદ્ધિ હતી જેણે સમગ્ર વિશ્વનું ચંદ્ર તરફ ફરીથી ધ્યાન આકર્ષિત કર્યું.

આપણાં મૂન મિશનોએ પોતાના બેમિસાલ અને કિફાયતી સંશોધનો, ઉત્કૃષ્ઠ ટેકનોલોજીના પ્રદર્શન થકી ચંદ્રના સંશોધનમાં રહેલી સંભાવનાઓ અને એની ઉપયોગીતા તરફ ધ્યાન દોર્યું છે. ભારતના ચંદ્રયાન મિશનો આ ક્ષેત્રમાં ટર્નિંગ પોઈન્ટ તરીકે ઉભરી આવ્યા છે. એટલું જ નહીં ભારતને ચંદ્રના નવેસરથી સંશોધનોમાં એક અગ્રણી પ્લેયર તરીકે સ્થાપિત કર્યું છે.એટલે ચંદ્ર પર આ ત્રણ સ્થળો ભારતની હાજરી પુરાવતાં હોવાનું તો ઘણાના જાણમાં હોઈ શકે. આ નામોને અવકાશમાં ખગોળીય પિંડો પર અને ખગોળીય પિંડોના નામકરણ કરતાં વૈશ્વિક ફોઈબા 'ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન' (આઈ.એ.યુ.) દ્વારા સત્તાવાર માન્યતા અપાયેલી છે પરંતુ એ સિવાય પણ ચંદ્ર પર ભારતીયતાની ઓળખ મજબૂત કરતાં અને ભારતના વૈજ્ઞાનિકોના વિશ્વ સ્તરના પ્રદાનની સાક્ષી પૂરતાં કેટલાંક અન્ય સ્થાનો આઈ.એ. યુ. દ્વારા જાહેર કરાયેલા છે. એ જાણવું નેશનલ સ્પેસ ડે નિમિત્તે રસપ્રદ ગણાશે.

૨૦ મી સદીમાં ૭૦ નો દાયકો સ્પેસ રેસનો બની રહ્યો હતો. અમેરિકાએ તત્કાલીન યુ.એસ.એસ.આર.ને પછાડ્યું હતું અને એ માટે એનો ચંદ્ર વિજય નિમિત બન્યો હતો. આ સમયગાળામાં ભારતના અવકાશ કાર્યક્રમને માંડ બે દાયકા થયા હતાં એટલે આજે ચંદ્રના સંશોધનમાં આપણો ડંકો વાગે છે એની તો કોઈએ કલ્પના પણ નહીં કરી હોય પણ વૈજ્ઞાનિક સંશોધન જગતમાં ભારતીય વૈજ્ઞાનિકોના પ્રદાનની નોંધ તો લેવાતી જ હતી

ચંદ્ર પર આપણે કોઈ નાના ટેલિસ્કોપ કે દૂરબીનથી જોઈએ તોય એના પર નાના - મોટા ખાડાઓ અને ડાઘાઓ જોઈ શકાય છે. આ ખાડાઓને આપણે સરળ રીતે ક્રેટરો કહીએ છીએ. એ ચંદ્ર પર ઉલ્કાઓ વગેરેના પછડાવાથી કે જવાળામુખી પ્રક્રિયાઓથી બન્યા છે. આવા ૯ હજારથી વધુ સુચિબદ્ધ ક્રેટરો છે. એમાંના અનેક ક્રેટરોને એપોલો જેવા મિશનોથી લઈને વિશ્વના જાણીતા તત્વજ્ઞાનીઓ, ખગોળશાસ્ત્રીઓ, અવકાશયાત્રીઓ, વૈજ્ઞાનિકો વગેરેના નામો અપાયેલા છે. અને એ રીતે ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયને ઈ.સ. ૧૯૭૦ના વર્ષમાં જ ચંદ્ર પરના એવા ક્રેટરોના નામ આપવા માટે ભારતના ત્રણ દિગ્ગજ વૈજ્ઞાનિકોના નામ પ્રથમવાર પસંદ કર્યા અને મંજૂરી આપી હતી. જેમાં ભારતના પરમાણુ કાર્યક્રમના જનક અને દીર્ઘદ્રષ્ટા વૈજ્ઞાનિક ડો. હોમી જહાંગીર ભાભાના નામે ચંદ્રની પાછળની બાજુ ઉપર દક્ષિણ ધ્રુવ વિસ્તારમાં એઈટકેન બેસીનમાં આવેલા ૭૦.૨૫ કિલોમીટર વ્યાસના ઈમ્પેક્ટ ક્રેટરને એમના નામે 'ભાભા ક્રેટર' નામ આપવામાં આવ્યું. બરાબર એની નજીકમાં જ આવેલાં એક બીજા ૯૨.૫૫ કિ.મી. વ્યાસના ક્રેટરને વનસ્પતિમાં પણ જીવ એવું અને નોબેલ ઈનામના હકદાર ગણાય એવાં રેડિયો તરંગોમાં ક્રાંતિકારી સંશોધનો કરનારા ડો. જગદીશચંદ્ર બોઝના નામે 'બોઝ ક્રેટર' નામ અપાયું. એમના ક્રેટરની નજીકમાં બીજા ત્રણ નાના નાના ક્રેટરો ને પણ એમના નામ સાથે સાંકળી લેવાયા જેમાં ૨૮ કિ.મી. વ્યાસના બોઝ-એ, ૨૦ કિ.મી. વ્યાસના બોઝ-બી અને ૩૮ કિ.મી. ના વ્યાસના બોઝ-સી ક્રેટરનો પણ સમાવેશ કરાયો. આજ વર્ષમાં જેમનું રેડિયો ફિઝિક્સ અને આઈનોસ્ફિયરના સંશોધનમાં ઉત્કૃષ્ટ પ્રદાન ગણાયું એવા પદ્મભૂષણ શિશિરકુમાર મિત્રાના નામે પણ ચંદ્રની પાછળની બાજુના જેક્સન બેસીનમાં ૯૨ કિ.મી. વ્યાસના ક્રેટરને 'મિત્રા ક્રેટર' નામ અપાયું. આ ક્રેટર સાથેના બીજા ત્રણ નાના ક્રેટરો જેમાં ૪૬ કિ.મી.ના ક્રેટરને મિત્રા-એ, બીજા ૪૬ કિ.મી. વ્યાસના ક્રેટરને મિત્રા-જે અને ત્રીજા ૨૬ કિ.મી વ્યાસના ક્રેટરને મિત્રા-વાય નામ અપાયાં છે. ઈ.સ.૧૯૭૧માં ભારતના અવકાશ કાર્યક્રમના જનક અને ચંદ્રના સંશોધનોમાં પણ રસ લેનારા ડો. વિક્રમભાઈ સારાભાઈ નું આકસ્મિક નિધન થયું હતું. એમનું વિશ્વના અને ભારતના અવકાશ વિજ્ઞાનમાં પ્રદાન જાણીતું જ છે. એમના માનમાં ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયને ઈ.સ. ૧૯૭૩માં જ ચંદ્રના મેર સેરેનીટાટીસ નામના વિસ્તારમાં આઠ કિલોમીટર વ્યાસ અને ૧.૩૬ કિલોમીટરની ઊંડાઈવાળા ક્રેટરને એમનું નામ 'વિક્રમ ક્રેટર' આપ્યું. આ ક્રેટર પહેલા બેસેલ-એ તરીકે ઓળખાતું હતું. જ્યારે આપણું ચંદ્રયાન-બે ત્યાં પહોંચ્યું ત્યારે એણે ઈસરોના સંસ્થાપક એવા આદ્યપુરુષને જાણે શ્રદ્ધાંજલિ આપી હોય એમ આ ક્રેટરની સુસ્પષ્ટ તસવીર ખેંચી હતી. આઈ.એ.યુ.ના ધારા ધોરણ મુજબ કોઈ અવકાશિય પિંડને કોઈ વ્યકિતનું નામ આપવું હોય તો એ સંશોધક કે વ્યક્તિનું અવસાન થયાને ત્રણ વર્ષ વીતી ગયેલા હોવા જોઈએ એટલે ૧૯૭૩માં જ વિક્રમભાઈ સારાભાઈના નામે ચંદ્ર પર ક્રેટરનું નામ આપી દેવાયું એ એમને ભવ્ય શ્રદ્ધાંજલિ જ કહેવાય. ત્યારબાદ ઈ.સ. ૧૯૭૬ માં ભારતના જ નહીં પણ એશિયાના પ્રથમ ગણાય એવા વિજ્ઞાન ક્ષેત્રના નોબેલ પારિતોષિક વિજેતા ડો. સી. વી. રામનના નામે હેરોડોટસ નામના ક્રેટરના અન્ય કેટલાક ક્રેટરો પૈકીના ૧૦ કિ.મી. વ્યાસના, અગાઉ હેરોડોટસ-ડી તરીકે ઓળખાતા એક ક્રેટરને 'રામન ક્રેટર' નામ આપવામાં આવ્યું. પછી ઈ.સ. ૧૯૭૯માં પાંચમી સદીના મહાન ભારતીય ખગોળશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી આર્યભટના નામે મેર ટ્રાન્કિવલીટાટીસ વિસ્તારમાં આવેલાં અને લાવાના પ્રવાહોમાં ડૂબેલાં એક ઈમ્પેક્ટ ક્રેટરને તેમનું નામ 'આર્યભટ ક્રેટર' અપાયું. આ ક્રેટર ૨૧.૮૯ કિ.મી.નો વ્યાસ ધરાવે છે અને અગાઉ એ માશ્કેલીન-ઈ નામે ઓળખાતો હતો. છેલ્લે ભારતીય મૂળના પ્રથમ અમેરિકન અવકાશયાત્રી કલ્પના ચાવલાના નામે ઈ.સ. ૨૦૦૬માં એક ક્રેટરને 'ચાવલા ક્રેટર' નામ આપવામાં આવ્યું. ઈ.સ.૨૦૦૩માં સ્પેસ શટલ કોલંબિયાની દુર્ઘટનામાં મૃત્યુ પામનાર એ સ્પેસ શટલ ના તમામ સાત અવકાશયાત્રીઓના સ્મરણાર્થે આઈ.એ.યુ.એ ચંદ્ર પર એપોલો ક્રેટરના સાત ક્રેટરોને એમના નામ આપ્યા હતાં. જે પૈકીનો ક્રેટર કલ્પના ૧૪.૨૫ કિ.મી. વ્યાસનો અને ૨.૩ કિલોમીટરની ઊંડાઈ ધરાવતો ક્રેટર છે. એ રીતે ચંદ્ર પર આલ્ફોનસસ નામની ક્રેટર પ્રણાલીના એક નાના ક્રેટરને રવિ ક્રેટર એવું નામ પણ અપાયેલું છે.

આમ ચંદ્ર પર ભારતીયોની ઓળખ આપતા કુલ ૧૭ જેટલા સ્થાનો છે. જેમાં ત્રણ આપણા કીર્તિવંત મૂન મિશન ચંદ્રયાનો સાથે સંકળાયેલા તેમના લેન્ડિંગ પોઈન્ટ છે. તો મુખ્ય આઠ અને નાના છ મળે કુલ ૧૪ જેટલાં નાના મોટા ક્રેટરોના નામો સાથે ભારતીય વૈજ્ઞાનિકોના નામ સંકળાયેલા છે.

સ્પેસ સેક્ટરમાં કુદકે ને ઉસકે આગળ વધી રહેલું ભારત હવે એના આગામી મૂન મિશન હેઠળ ચંદ્ર પરથી એના નમૂના પરત લાવવા માંગે છે. ચંદ્રયાન ત્રણ વખતે જ ઈસરોએ ત્યાં એના જાણીતા હૂપ એક્સપેરિમેન્ટ દ્વારા ચંદ્ર પરથી પરત ફરવા માટે ની ટેકનોલોજી ની ચકાસણી કરી લીધી હતી એ રીતે ઈ.સ. ૨૦૪૦ સુધી ભારત પોતાનો કોઈ ચંદ્રયાત્રી પણ ચંદ્ર પર મોકલવા માંગે છે ભારતની ચંદ્રના સંશોધનમાં ઉદ્દીપક સફળતાના પગલે જાપાનની અવકાશ સંશોધન સંસ્થા અને અમેરિકાને અવકાશ સંસ્થા નાસા પણ હવે ભારતનો એમાં સહકાર હોય એમ ઈચ્છી રહ્યા છે જાપાન સાથે મળી ઈ.સ. ૨૦૨૮ સુધીમાં હાથ ધરાનાર લુનાર પોલર એકસ્પ્લોરેશન (**લુપિકસ**) મિશનનું આયોજન અંતિમ તબક્કામાં છે જ્યારે અમેરિકાએ તાજેતરમાં જ એના આર્ટીમીસ પ્રોજેકટ હેઠળ ચંદ્ર પર કાયમી મથક સ્થાપવા કે બાંધવા માટે ભારત ના સહયોગ માટે આમંત્રણ આપ્યું છે.

બીજી એક રસપ્રદ નોંધ આજે એ પણ લેવી જોઈએ કે, જ્યારે ભારતનો તિરંગો ચંદ્રયાન-૩ દ્વારા ચંદ્ર પર પહોંચ્યો ત્યારે એવો કટાક્ષ થતો હતો કે ભારતનો તો ઝંડો ચંદ્ર પર છે પણ પાકિસ્તાનના તો ઝંડા પર જ ચાંદ છે!

ત્યાર પછી પાકિસ્તાને હવે ચીનની કાખઘોડી લઈને ભારતના પેંગડામાં પગ ઘલવા નો પ્રયાસ કર્યો છે અને ચીનના મૂન મીશન સાથે પાકિસ્તાન પોતાનું રોવર મોકલવા માંગે છે. આ રોવરનું નામ તેમણે પાકિસ્તાનના સ્થાપક ગણાતા કાયદેઆઝમ મોહમ્મદ અલી ઝીણાના નામ પર 'જિન્ના - એક' રાખ્યું છે. પાકિસ્તાનની અવકાશી સંશોધન સંસ્થા સુપાર્કોની સ્થાપના ભારતના ઈસરોની સ્થાપના પહેલા થઈ ચૂકી હતી. એ પણ નોંધવા જેવું છે.

# ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં ત્રીજો રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસ ઉજવાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ભારતના ચંદ્રયાન-૩ મિશનની ઐતિહાસિક સફળતાની યાદમાં દર વર્ષે ૨૩ ઓગસ્ટે રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ અંતર્ગત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર, રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ત્રીજા રાષ્ટ્રીય અંતરીક્ષ દિવસની ઉજવણી કરવામાં આવશે.

લોકોમાં અવકાશ વિજ્ઞાન પ્રત્યે રસ વધે અને ભારતના અવકાશ ક્ષેત્રની સિદ્ધિઓ વિશે તેઓ વધુ જાણી શકે તે હેતુથી દિવસ દરમિયાન વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમની શરૂઆત લોકપ્રિય વિજ્ઞાન વ્યાખ્યાનથી કરવામાં આવશે, જેમાં અંતરીક્ષ વિજ્ઞાન, ભારતના અંતરીક્ષ કાર્યક્રમ અને ચંદ્રયાન-૩ જેવી મહત્વપૂર્ણ સિદ્ધિઓ અંગે સરળ ભાષામાં માહિતી આપવામાં આવશે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન ક્વિઝનું આયોજન કરવામાં આવશે, જેના દ્વારા તેમની વૈજ્ઞાનિક સમજ અને અંતરીક્ષ વિજ્ઞાન અંગેના જ્ઞાનને રસપ્રદ રીતે ચકાસવામાં આવશે. વિદ્યાર્થીઓને જાતે પ્રવૃત્તિમાં જોડાઈને વિજ્ઞાન સમજવાનો અનુભવ મળે તે માટે હેન્ડ્સ-ઓન એક્ટિવિટી પણ યોજવામાં આવશે.

કાર્યક્રમનું ખાસ આકર્ષણ વોટર રોકેટનું જીવંત નિદર્શન કરવામાં આવશે. આ પ્રવૃત્તિ લોકો માટે મનોરંજક હોવા સાથે સાથે વિજ્ઞાનના સિદ્ધાંતોને પ્રયોગ દ્વારા સમજવામાં પણ મદદરૂપ બનશે.

આ સાથે અંતરીક્ષ વિજ્ઞાન અને ભારતના અવકાશ મિશન અંગેની વિજ્ઞાન આધારિત ફિલ્મનું પ્રદર્શન પણ કરવામાં આવશે. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા લોકોઓને માત્ર માહિતી આપવાને બદલે તેમને અનુભવ, પ્રયોગ અને રસપ્રદ રજૂઆતના માધ્યમથી અવકાશ વિજ્ઞાન સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે.

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વિજ્ઞાનપ્રેમી મુલાકાતીઓને આ ઉજવણીમાં ભાગ લઈ અવકાશ વિજ્ઞાનની દુનિયાને નજીકથી જાણવા માટે આમંત્રણ આપવામાં આવે છે.

**આગામી સપ્ટે. માસમાં ધોરણ ૮થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે**

# ડાંગમાં નેશનલ સાયન્સ સેમિનાર યોજાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

દરવર્ષ મુજબ નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝીયમ, કોલકતા નેહરુ સાયન્સ સેન્ટર, મુમ્બઈ દ્વારા નિદ્યાર્થીઓમાં વિજ્ઞાન ની રુચી વધે તે હેતુ થી વિજ્ઞાન વિષય આધારીત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગ રૂપે ભારતીય ઊર્જા બાસ્કેટ ૨૦૪૭ સંભાવનાઓ અને પડકારો વિષય આધારીત ધોરણ ૮ થી ૧૦ સુધીના વિધ્યાર્થીઓ માટે નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે.

ગુજરાત સરકાર ના વિજ્ઞાન અને નૈદ્યોગિકી વિભાગ અંતર્ગત આવનાર ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાત દ્વારા આયોજન કરવામાં આવે છે. અને તેનો અમલ જે તે જિલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે. ડાંગ જિલ્લામાં ગુજકોસ્ટ પ્રેરીત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-ડાંગ, દ્વારા જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૨૬ નું આયોજન સપ્ટેમ્બર માસના બિજા અઠવાડિયામાં કરવામાં આવનાર છે. આ સેમિનારનો વિષય ભારતીય ઊર્જા બાસ્કેટ ૨૦૪૭ સંભાવનાઓ અને પડકારો છે, જેમાં ગુજરાતી/અંગ્રેજી માધ્યમની (તમામ પ્રવાહ)ના પ્રાથમિક અને માધ્યમિક શાળાના ધોરણ ૮ થી ૧૦ સુધીના, શાળાદીઠ એક વિદ્યાર્થી સાથે એક શિક્ષક ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં આપેલા વિષય આધારીત ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં વિદ્યાર્થીએ ૬ મીનીટનું વક્તવ્ય પાંચ સ્લાઈડ અથવા ચાર્ટ દ્વારા આપવાનું રહેશે.

ડાંગ જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક, આશ્રમશાળા અને એ.મો.રે. શાળાઓને આ સેમિનારમાં ભાગ લેવા કો-ઓર્ડીનેટર, પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-ડાંગ, દ્વારા તા. ૨૫/૦૮/૨૦૨૬ સુધીમાં એન્ટ્રી મોકલવા માટે જણાવામાં આવ્યું છે. તેમજ વધુ જાણકારી માટે સંપર્ક ૯૪૨૯૧૪૪૯૪૬ ઉપર સંપર્ક કરી શકાશે તેમ પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર- ડાંગ, આહવાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# તહેવારોનું વિજ્ઞાન અને આજના યુવાનોની આસ્થા

## તહેવારો માત્ર ધાર્મિક વિધિઓ નથી, પરંતુ તેમની પાછળ ઊંડા વૈજ્ઞાનિક આધારો સમાયેલા છે



**વિજ્ઞાનજગત**
**લેખક :દીપક જગતાપ**



**ભારતીય** તહેવારો માત્ર ધાર્મિક વિધિઓ નથી, પરંતુ તેમની પાછળ ઋતુચક્ર, ખગોળશાસ્ત્ર, પોષણ, સ્વાસ્થ્ય અને સામાજિક સંવાદિતા જેવા ઊંડા વૈજ્ઞાનિક આધારો રહેલા છે. આજના યુવાનોમાં આ તહેવારો પ્રત્યેની આસ્થા પરંપરાગત માન્યતાઓ અને આધુનિક વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના સંગમ તરફ વળી રહી છે.

ભારતીય તહેવારો બારેમાસ ઋતુચક્ર અને ખગોળીય ઘટનાઓ સાથે સંકળાયેલા છે. પ્રાચીન ઋષિ-મુનિઓએ લોકોને ઋતુ અનુસાર જીવનશૈલી અપનાવવા, ચોક્કસ ખોરાક લેવા અને સામૂહિક ઉજવણી દ્વારા માનસિક-શારીરિક સ્વાસ્થ્ય જાળવવા માટે તહેવારોની રચના કરી હતી.

**ઋતુ અને ખગોળશાસ્ત્ર સાથેનો સંબંધ**

આપણા તહેવારો ઋતુ અને ખગોળશાસ્ત્ર સાથે સંકળાયેલા છે.

જેમકે મકર સંક્રાંતિ,પોંગલ નામનો તહેવાર સૂર્યના મકર રાશીમાં પ્રવેશ સાથે ઉજવાતો આ તહેવાર શિયાળાના અંત અને ઉત્તરાયણની શરૂઆત સૂચવે છે. તો નવરાત્રિનું પર્વ શરદ ઋતુમાં ઉજવાતી નવરાત્રિ હવામાનમાં થતા ફેરફાર, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને નૃત્ય-ગરબા દ્વારા શારીરિક સક્રિયતા જાળવવા માટે વૈજ્ઞાનિક રીતે ઉપયોગી છે. જયારે દીપ-અમાસ (દિવાસો) આ તહેવાર ચોમાસા પછીના સમયગાળામાં આવે છે, જ્યારે અત્યંત દુર્લભ અને પોષક શાકભાજીઓ ઊગે છે. શાકાહાર અને દીપ પ્રજ્વલનથી વાતાવરણ શુદ્ધિ અને રોગપ્રતિકારક શક્તિ વધે છે. હમણા શ્રાવણ માસ (સાતમ-આઠમ) શરૂ થયો છે.શ્રાવણમાં ઠંડુ ખાવાની મનાઈ અને ગરમ ખોરાક લેવાની પરંપરા પાછળ વરસાદી ઋતુમાં પાચનતંત્ર નબળું પડવાથી બચાવવાનું વૈજ્ઞાનિક કારણ રહેલું છે.

**પોષણ અને સ્વાસ્થ્ય**

દરેક તહેવાર ચોક્કસ ઋતુમાં ઉપલબ્ધ ખોરાક સાથે જોડાયેલો છે. ઉદાહરણ તરીકે દિવાળીમાં ઘી, ખાંડ અને સૂકામેવાનો ઉપયોગ શિયાળામાં શરીરને ઉષ્મા આપવા માટે થાય છે. તો હોળીમાં ગુલકંદ, ઠંડાઈ અને ભંગનું સેવન ઉનાળાની શરૂઆતમાં શરીરને ઠંડક આપવા માટે થાય છે. જયારે શ્રાવણમાં તલ, ગોળ અને તમામ શાકાહારી ખોરાકનું સેવન પાચન સુધારવા માટે થાય છે.

એ ઉપરાંત તહેવારો સામૂહિક ઉજવણી, નૃત્ય-ગાયન અને કુટુંબ-મિત્રો સાથે મિલન દ્વારા માનસિક તણાવ ઘટાડે છે.અને સામાજિક બંધન મજબૂત કરે છે. નવરાત્રિના ગરબા, હોળીના રંગોત્સવ અને દિવાળીના દીપોત્સવ જેવી ઉજવણીઓ યુવાનોમાં સકારાત્મક ઊર્જા અને સામાજિક સંવાદિતા વિકસાવે છે.

**આજના યુવાનોની આસ્થા, પરંપરા અને વિજ્ઞાનનો સંગમ**

આજના યુવાનો તહેવારો પ્રત્યેની આસ્થામાં બે મુખ્ય વલણો જોવા મળે છે૧. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સાથેની આસ્થા જેમાં આધુનિક શિક્ષિત યુવાનો તહેવારોને માત્ર અંધશ્રદ્ધા તરીકે નહીં, પરંતુ વૈજ્ઞાનિક આધાર ધરાવતી પરંપરાઓ તરીકે જોવા લાગ્યા છે. તેઓ તહેવારો પાછળના ઋતુચક્ર, પોષણ, સ્વાસ્થ્ય અને પર્યાવરણીય લાભોને સમજીને આસ્થા સાથે ઉજવણી કરે છે. અને ૨. સાંસ્કૃતિક ઓળખ અને ગૌરવ જેમાં વૈશ્વીકરણના યુગમાં ભારતીય યુવાનો તહેવારોને પોતાની સાંસ્કૃતિક ઓળખ અને ગૌરવ તરીકે જુએ છે. તેઓ પરંપરાગત વિધિઓને આધુનિક રીતે અપનાવે છે, જેમ કે ઓનલાઈન ગરબા, ઈકો-ફ્રેન્ડલી દિવાળી, અને ડિજિટલ હોળી અભિયાનો. કેટલાક યુવાનોમાં અંધશ્રદ્ધા પ્રત્યેની નકારાત્મક દ્રષ્ટિને કારણે તહેવારો પ્રત્યેની આસ્થામાં ઘટાડો જોવા મળ્યો છે.પરંતુ સાથે સાથે, વૈજ્ઞાનિક સમજણ સાથે તહેવારોના મહત્વને સમજનારા યુવાનોની સંખ્યા પણ વધી રહી છે.

**તહેવારો અને આધુનિક વિજ્ઞાનનો સંબંધ**

તહેવારો પ્રકૃતિ સાથે સંકળાયેલા હોવાથી પર્યાવરણીય સંતુલન જાળવવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે વૃક્ષારોપણ અને પ્રકૃતિ પૂજા (વટપૂર્ણિમા, વૃક્ષોત્સવ), નદી-તળાવોની પૂજા (છઠ પૂજા, સરસ્વતી પૂજા), પ્રાણીઓ પ્રત્યે કૃતજ્ઞતા (ગોવર્ધન પૂજા, બળદ પૂજા).એ ઉપરાંત તહેવારોમાં અપનાવવામાં આવતી વિધિઓ આરોગ્ય વિજ્ઞાન સાથે સુસંગત છે. જેમાં ઉપવાસ પાચનતંત્રને વિશ્રામ અને શરીરને ડિટોક્સિફાય કરવા માટે ઉપયોગી થાય છે.સ્નાન અને શુદ્ધિ રોગ-તિકારક શક્તિ વધારવામાટે. જયારે દીપ પ્રજ્વલન વાતાવરણ શુદ્ધિ અને મનોબળ વધારવા માટે હોય છે. જયારે નૃત્ય-ગાયન માનસિક તણાવ ઘટાડવા અને શારીરિક સક્રિયતા જાળવવા ઉપયોગી બને છે. આમ તહેવારો એ પ્રાચીન ભારતીય વિજ્ઞાન, સંસ્કૃતિ અને જીવનશૈલીનો સંગમ છે. આજના યુવાનો જ્યારે તહેવારોને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજે છે, ત્યારે તેમની આસ્થા વધુ મજબૂત અને અર્થપૂર્ણ બને છે. તહેવારો માત્ર ધાર્મિક વિધિઓ નથી, પરંતુ તેઓ ઋતુચક્ર, પોષણ, સ્વાસ્થ્ય, સામાજિક સંવાદિતા અને પર્યાવરણીય સંતુલન જેવા વૈજ્ઞાનિક આધારો પર આધારિત છે. આજના યુવાનોએ તહેવારોને અંધશ્રદ્ધા તરીકે નહીં, પરંતુ વૈજ્ઞાનિક જ્ઞાન અને સાંસ્કૃતિક ગૌરવના સ્રોત તરીકે જોવા જોઈએ. તહેવારોનું વૈજ્ઞાનિક મહત્વ સમજીને ઉજવણી કરવાથી યુવાનોમાં આસ્થા, ગૌરવ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ત્રણેયનું સંતુલન જળવાઈ રહેશે.

# ઊંટડીના ૪ વિદ્યાર્થીઓ વિજ્ઞાન સ્પર્ધામાં ઝળકયા

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વિજ્ઞાન ગુર્જરી દ્વારા વલસાડ જિલ્લામાં વિજ્ઞાન વર્કિંગ મોડેલ સ્પર્ધા અને ઔષધીય વનસ્પતિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉટડીની હરિનંદન સ્મૃતિ પ્રાથમિક શાળાના ચાર વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં વિજ્ઞાન વર્કિંગ મોડેલ સ્પર્ધા વિભાગ-૧ માં આરવી ટંડેલ (પ્રથમ) વિભાગ-૫ માં ફેન્સી ટંડેલ (પ્રથમ), ઔષધીય વનસ્પતિ સ્પર્ધામાં શૌર્ય પટેલ (પ્રથમ) નિસર્ગ ટંડેલ (દ્વિતીય) ક્રમે વિજેતા બન્યા હતા.

આ વિજેતા બાળમિત્રોને ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી અમદાવાદ ખાતે વિજ્ઞાન ભારતીના રાષ્ટ્રીય સંયોજક નરેશભાઈ ચાફેકર તથા વિજ્ઞાન ગુર્જરીના સેક્રેટરી જીગ્નેશભાઈ બોરીસાગર, સ્ટેટ કો-ઓર્ડિનેટર મનસુખભાઈ નારીયા, કમલેશભાઈ લિંબાચીયાના હસ્તે શીલ્ડ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા ભાવનાબેન મિસ્ત્રી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ કમલેશભાઈ દેસાઈ તથા શાળાના સ્ટાફમિત્રોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.



VAPI PAGE - 5

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 21, August 2026

આપનું અખબાર : આપનો અવાજ
DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

● ઉમરગામ
● સંજાણ
● ભીલાડ
● સરીગામ

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

## સોળસુંબા પંચાયતમાં સત્તાના સમીકરણ બદલાયા : સરપંચ, ઉપસરપંચે પુન: ચાર્જ સંભાળ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૨૦ :** વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સોળસુંબા ગ્રામ પંચાયતના સરપંચ બળદેવભાઈ જશુભાઈ સુરતી અને ઉપસરપંચ અમિતકુમાર મણીલાલ પટેલને હોદા પરથી દૂર કરવાના જિલ્લા વિકાસ અધિકારી વલસાડના અગાઉના નિર્ણયો સામે ગાંધીનગર સ્થિત અધિક વિકાસ કમિશનર સમક્ષ અપીલ કરવામાં આવી હતી. કમિશનરે કાયદાકીય બાબતોની ચકાસણી કરીને બંને હોદેદારોના બરતરફીના હુકમો રદ ઠરાવી, સમગ્ર બાબતે નવેસરથી નિર્ણય લેવા કેસ પરત (રીમાન્ડ) સોંપવાનો મહત્ત્વનો આદેશ કર્યો છે. આ આદેશના અનુસંધાને જિલ્લા વિકાસ અધિકારી વલસાડ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી બંને નેતાઓને હોદા પર પુન:સ્થાપિત કરવાના અધિકૃત હુકમો જારી કરવામાં આવ્યા છે.

મુખ્ય ઘટનાક્રમ અને વિગતો જોતા આ અગાઉ સરપંચ બળદેવભાઈ જશુભાઈ સુરતી અને ઉપસરપંચ અમિતભાઈ મણીભાઈ પટેલને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ જિલ્લા વિકાસ અધિકારી વલસાડ દ્વારા ૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ એમના હોદા અને સભ્ય પદ ઉપરથી દૂર કરવામાં આવ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીના આ હુકમને અધિક વિકાસ કમિશનરના દરબારમાં પડકારવામાં આવ્યો હતો અને જેમા થયેલી ચર્ચા મજુબ ઘટનાની તપાસ કરી ફરી નિર્ણય લેવા માટે કેસને પરત કરવામાં આવ્યો હતો આમ અધિક વિકાસ કમિશનરના રીમાન્ડ આદેશ બાદ જિલ્લા વિકાસ અધિકારી વલસાડ દ્વારા ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ નવો હુકમ કરીને તેમને સોળસુંબા ગ્રામ પંચાયતના સરપંચ અને ઉપસરપંચ તથા સભ્ય તરીકે તાત્કાલિક અસરથી પુન:સ્થાપિત કરાયા છે.કમિશનરે જૂનો આદેશ રદ કરતા વલસાડ જિલ્લા પંચાયતે ઉમરગામ તાલુકા વિકાસ અધિકારીને બળદેવભાઈ સુરતીને સરપંચ પદે અને અમિતભાઈ પટેલને ઉપસરપંચ પદે તાત્કાલિક બંનેને પુન:સ્થાપનાનો તાત્કાલિક અમલ કરવા અને જરૂરી બજવણી કરવા માટેની સૂચના આપી દેવામાં આવી છે. ગુરૂવારના રોજ બપોરે ૧૨:૦૫ કલાકે સોળસુંબા ગ્રામ પંચાયત કચેરી ખાતે મિત્રો અને સમર્થકોને ઉપસ્થિતિમાં સરપંચ બળદેવભાઈ સુરતી તથા ઉપસરપંચ અમિતભાઈ પટેલે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. ઉપસ્થિતોમાં આનંદની લાગણી જોવા મળી હતી. સોળસુંબા પંચાયતમાં વિકાસ અને જન સુવિધા માટે લોકોને સહકાર આપવા ઉપસરપંચ અમિતભાઈ પટેલે અનુરોધ કર્યો હતો. આપત્તિના સમયમાં ડગલેને પગલે સહકાર આપનાર તમામ મિત્રોનો પણ આભાર માન્યો હતો.

## ફણસામાં તડકેશ્વર મહાદેવ મંદિરે ૧૨ જ્યોર્તિલિંગની સ્થાપના કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૨૦ :** ઉમરગામ તાલુકાના ફણસા ગામે આવેલ તડકેશ્વર મહાદેવ મંદિર ખાતે મહિલા મંડળ દ્વારા તા. ૧૬ ઓગસ્ટે ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન રુદ્રાભિષેક, મહાઆરતી અને ધ્વજવિધિ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ મહિલા મંડળ દ્વારા સ્વહસ્તે તૈયાર કરવામાં આવેલા ૧૨ જ્યોર્તિલિંગ રહ્યા હતા. શ્રદ્ધાળુઓએ જ્યોર્તિલિંગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંદિર ખાતે શ્રાવણ માસ દરમિયાન દર સોમવારે ભગવાન મહાદેવનો વિશેષ શણગાર કરવામાં આવે છે.

આ ધાર્મિક પ્રસંગે અંદાજે ૧,૫૦૦ જેટલા ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. મહિલા મંડળ તેમજ સેવાભાવી કાર્યકર્તાઓની મહેનતથી સમગ્ર કાર્યક્રમ ભક્તિમય માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## સરીગામ નોટીફાઈડમાં મીની રેસ્ક્યુ ફાયર સેવા ઉપલબ્ધ થશે



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૨૦ :** સરીગામ નોટીફાઈડ વિસ્તારમાં બનતી આકસ્મિક ઘટનાઓ સમયે તાત્કાલિક મદદ મળી રહે તે માટે નોટીફાઈડ બોર્ડ દ્વારા મીની રેસ્ક્યુ ફાયર સેવા ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉમરગામ તાલુકામાં આ પ્રકારની પ્રથમ સુવિધા બનશે. નોટીફાઈડ બોર્ડના ચેરમેન દિલીપભાઈ ભંડારીએ ૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન બાદ પોતાના સંબોધનમાં આ જાહેરાત કરી હતી. ઉમરગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સ્થળોએ રસ્તાઓ સાંકડા હોવાથી આગ, અકસ્માત કે અન્ય આકસ્મિક ઘટના સમયે મોટા ફાયર બ્રિગેડ વાહનોને ઘટના સ્થળે પહોંચવામાં મુશ્કેલી પડતી હોય છે. ગ્રામ્ય વિસ્તારોમાં આવી ઘટનાઓને ધ્યાનમાં રાખીને સરીગામ નોટીફાઈડ બોર્ડના ચેરમેન દિલીપભાઈ ભંડારીએ મીની ફાયર રેસ્ક્યુ વાહન ઉપલબ્ધ કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

આ પ્રસ્તાવને મંજૂરી મળતા ઓગસ્ટ માસના અંત સુધીમાં સરીગામ નોટીફાઈડ બોર્ડ દ્વારા મીની રેસ્ક્યુ ફાયર સેવા શરૂ કરવામાં આવશે. ચાર પૈડાં ધરાવતા આ મીની ફાયર વાહનમાં પાણીની સુવિધા સાથે આશરે પાંચ જેટલા જવાનો બેસી શકશે. નાનું અને ઝડપી વાહન હોવાથી ગ્રામ્ય વિસ્તારોના સાંકડા રસ્તાઓમાંથી પસાર થઈને ઘટના સ્થળે સરળતાથી અને ઝડપથી પહોંચી શકાશે.

## નારગોલ માછીવાડ ખાતે ડૉકયાર્ડ-જેટી બનાવવાની માંગ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૨૦ :** નારગોલ માછીવાડ ખાતે માછીમારી કરતી બોટોની સલામતી માટે ડૉકયાર્ડ અથવા જેટીનું નિર્માણ કરવા તેમજ દરિયાકિનારે પ્રોટેક્શન દીવાલ બનાવવાની માંગ સાથે મેહુલ રજનીકાંત નારગોલવાલાએ જિલ્લા કલેકટરને રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ નારગોલ, ઉમરગામ અને ખતલવાડ વિસ્તારમાં આશરે ૧૫૦થી વધુ નાની-મોટી માછીમારી બોટો છે. સ્થાનિક માછીમાર પરિવારોની આજીવિકાનો મુખ્ય આધાર આ બોટો પર છે. જોકે બોટોને સુરક્ષિત રીતે લાંગરવા માટે યોગ્ય ડૉકયાર્ડ કે જેટીની સુવિધા ઉપલબ્ધ નથી. ખાસ કરીને ચોમાસા દરમિયાન ઊંચા મોજાં, વાવાઝોડું અને ભરતીના સમયે બોટો એકબીજા સાથે અથડાઈને નુકસાન પામે છે. જેના કારણે માછીમારોને દર વર્ષે લાખો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવું પડે છે. બોટ સાથે એન્જિન, જાળ અને અન્ય માછીમારી સામગ્રીને પણ મોટું નુકસાન થતું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. ૨૩ જુલાઈ ૨૦૨૬ના ભારે વરસાદ અને તોફાની દરિયાની સ્થિતિ દરમિયાન નારગોલ માછીવાડ તથા ઉમરગામ વિસ્તારમાં બોટોને થયેલા નુકસાનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તોફાની દરિયામાં થયેલા નુકસાનના પુરાવા એકત્ર કરવામાં મુશ્કેલી પડતી હોવાથી સરકારી સહાય અને વળતર મેળવવાની પ્રક્રિયા પણ મુશ્કેલ બનતી હોવાનું જણાવાયું છે.

બોટોની સલામતી માટે તાત્કાલિક ડૉકયાર્ડ/જેટીનું નિર્માણ કરવામાં આવે.અને વાવાઝોડા અને ભારે ભરતીથી રક્ષણ માટે દરિયાકિનારે પ્રોટેક્શન દીવાલ બનાવવામાં આવે. માછીમારોના હિત અને તેમની આજીવિકાની સુરક્ષાને ધ્યાનમાં રાખી આ માંગણીઓ અંગે સરકાર દ્વારા વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી રજૂઆતમાં માંગ કરવામાં આવી છે.

## મમકવાડાના આદિવાસી ખેડૂતોની જમીન બચાવવા ધારાસભ્યની રજૂઆત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૨૦ :** મમકવાડા ગામના આદિવાસી ખેડૂતોની જમીનના પ્રશ્ને ધારાસભ્ય દ્વારા મામલતદાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ટેનન્સી એક્ટ હેઠળ ૩૨- ગ મુજબ આદિવાસી ખેડૂતોને જમીન મળ્યા બાદ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે જમીનની રકમ સમયસર ભરી ન શકાતા શરતભંગ થયો હતો અને જમીન સરકાર હસ્તક થઈ છે.

ધારાસભ્યએ રજૂઆત કરી હતી કે આ જમીન વર્ષોથી આદિવાસી ખેડૂતો જ ખેડી રહ્યા છે, તેથી માત્ર રકમ ભરપાઈ ન થઈ હોવાના કારણે તેમની જમીન ખાલસા ન કરવામાં આવે. સરકાર યોગ્ય કિંમત લઈને આ જમીન મૂળ ખેડૂતને પરત આપે તેવી માંગ કરવામાં આવી છે.



તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં આવા અનેક આદિવાસી ખેડૂતો છે, જેઓ આર્થિક મુશ્કેલીના કારણે જમીનની રકમ ભરી શક્યા નથી. આવા ખેડૂતોને બિનખેડૂત બનાવી દેવાથી મુશ્કેલી ઊભી થશે. અગાઉની સરકારોએ પણ ટેનન્સી એક્ટ તથા વિનોબા ભાવે ફાજલ સીલિંગ યોજના હેઠળ ખેડૂતોને જમીન આપી છે. તેથી વર્ષોથી જે આદિવાસી ખેડૂતો જમીન ખેડી રહ્યા છે, તેમને જ જમીનનો હક આપવા સરકાર યોગ્ય નિર્ણય કરે તેવી માંગ કરવામાં આવી છે.

## ઉમરગામમાં ફૂડ ઈન્સ્પેક્ટરની ઓળખ આપી રોકડી કરનાર ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૨૦ :** ઉમરગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફૂડ ઈન્સ્પેક્ટર તરીકે ખોટી ઓળખ આપી નાસ્તાની દુકાનના સંચાલક પાસેથી બળજબરીપૂર્વક રૂ.૩૭ હજાર પડાવી લેનાર શખ્સને ઉમરગામ પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ, ફરિયાદી શૈલેન્દ્ર કમલેશપ્રસાદ ઉત્તમની નાસ્તાની દુકાન પર એક ઈસમ આવ્યો હતો. તેણે પોતે ફૂડ ઈન્સ્પેક્ટર હોવાનું જણાવી ખોટી ઓળખ આપી હતી અને ધાકધમકી તથા બળજબરીપૂર્વક ફરિયાદી પાસેથી રૂ.૩૭,૦૦૦/- પડાવી લીધા હતા. આ અંગે ફરિયાદ મળતા ઉમરગામ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીઓની સૂચના હેઠળ પોલીસે ટેકનિકલ એનાલિસિસ તેમજ હ્યુમન સોર્સીસની મદદથી આરોપીની શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી ઈર્શાદ મુસ્તફા ખાન (ઉંમર ૩૬ વર્ષ), રહે. સનરાઈઝ રેસિડેન્સી, સંજાણ, તા. ઉમરગામ, જી. વલસાડ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તેને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૧૫(૨), ૨૦૪, ૩૦૮(૨), ૩૦૮(૫), ૩૦૮(૬) તથા ૩૫૧(૩) મુજબ ગુનો નોંધી તેની ધરપકડ કરવામાં આવી છે. આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે અને સમગ્ર મામલે વધુ તપાસ ચાલી રહી છે.

પોલીસે આરોપી પાસેથી રૂ.૧૦,૧૭૦ રોકડા પણ કબજે કર્યા છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર એચ.ડી. તુવર, પી.એસ.આઈ. એસ.કે. વસાવા, પી.એસ.આઈ. આર.એસ. ચૌધરી સહિત એ.એસ.આઈ. હિતેશ પ્રેમજીભાઈ તથા પોલીસ કર્મચારીઓ સંજયસિંહ પૃથ્વીસિંહ, પિન્ટુભાઈ નાથાભાઈ, રોહિત રાજુભાઈ, સાગરદાન કાળુભાઈ અને મશરૂભાઈ ભાવાભાઈએ સંયુક્ત રીતે હાથ ધરી હતી. ઉમરગામ પોલીસની ઝડપી કાર્યવાહીને પગલે ખોટી સરકારી ઓળખ આપી લોકો પાસેથી બળજબરીપૂર્વક રૂપિયા પડાવનાર શખ્સ ઝડપાઈ જતાં વિસ્તારમાં આવી પ્રવૃત્તિ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

## ધોડીપાડામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં હજારો ભક્તોએ કથાનું રસપાન કર્યું





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૨૦ :** ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે સાંસ્કૃતિક વિકાસ મંડળ દ્વારા સર્વ પિતૃ મોક્ષાર્થે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહને બુધવારે ભક્તિભાવપૂર્વક વિરામ આપવામાં આવ્યો હતો. ધારાસભ્ય રમણભાઈ પાટકરના નેતૃત્વમાં સતત આઠમા વર્ષે શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં યોજાયેલી આ કથામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. કથાકાર પૂજ્ય પ્રફુલભાઈ શુક્લે વ્યાસપીઠ પરથી શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવી શ્રોતાઓને ભક્તિ, જ્ઞાન અને સંસ્કારનો સંદેશ આપ્યો હતો. આઠ જિલ્લા પંચાયત વિસ્તારોમાંથી સેકડો શ્રોતા ભક્તો ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે પહોંચ્યા હતા અને કથારૂપી જ્ઞાનગંગામાં ડૂબકી લગાવી ધન્યતા અનુભવી હતી. સપ્તાહ દરમિયાન શ્રીકૃષ્ણ જન્મ, શ્રીકૃષ્ણ વિવાહ અને ભગવાન નરસિંહના પ્રાગટ્ય સહિતના વિવિધ ધાર્મિક પ્રસંગોની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કથા સાથે મહાપ્રસાદ અને વસ્ત્રદાનનું પણ આયોજન કરાયું હતું. મંડળ દ્વારા શ્રોતા ભક્તોને સાડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભવ્ય આયોજન દરમિયાન સરીગામ અને ઉમરગામના ઉદ્યોગકારો, વિવિધ ક્ષેત્રના આગેવાનો, સંતો તથા રાજકીય આગેવાનોની ઉપસ્થિતિ જોવા મળી હતી. કાર્યક્રમને સફળ બનાવવા વિજયભાઈ પાટકર સહિત યુવાનોની ટીમે મહત્વની કામગીરી બજાવી હતી. કથાના વિરામ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે આયોજનમાં સહયોગ આપનાર તમામ દાતાઓ, કાર્યકરો તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કરનાર ભક્તોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સરીગામ ઈન્ડ. એસો.ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૨૦ :** ઉમરગામ તાલુકાના સરીગામ જીઆઈડીસી ખાતે સરીગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન હોલમાં એસોસિએશનની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧:૩૦ કલાકે યોજાયેલી આ સભા પ્રમુખ કૌશિક પટેલ તથા કમિટી સભ્યોની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

સભા દરમિયાન કમિટી સભ્યો દ્વારા ગત કાર્યકાળની કામગીરી અને અગાઉની સભાની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એસોસિએશન દ્વારા કરવામાં આવેલા વિવિધ વિકાસલક્ષી કામો અંગે ચર્ચા કરી તેને બહાલી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહેમાનો સુરેશભાઈ દેસાઈ, દિલીપ ભંડારી, પૂર્વ પ્રમુખ નિર્મલ દુધાની, ઉદ્યોગપતિ આનંદ પટેલ તથા વિનોદસિંહ સહિતના મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યા હતા. વાર્ષિક સાધારણ સભાને લઈને સરીગામ જીઆઈડીસીના મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ અને એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુકેશ પટેલ, રૂવાબ અલી ખાન, જે.કે. રાય, શમીમ રિઝવી, કમલેશ ભટ્ટ, ઉદય માર્બલ, મૂળજી કટારમલ, શિવદાસણદાસ સહિત અનેક ઉદ્યોગપતિઓએ વિશેષ હાજરી આપી હતી. સભામાં સરીગામ જીઆઈડીસીના ઔદ્યોગિક વિકાસ, આગામી આયોજન અને ઉદ્યોગજગત સાથે જોડાયેલા વિવિધ મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## ઉમરગામમાં સંત શિરોમણી શ્રી રવિદાસ મહારાજની કળશ યાત્રા યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ઉમરગામ, તા.૨૦ :** ઉમરગામ શહેર ખાતે મહામંત્રી વિશ્વકર્મા ટંડેલની અધ્યક્ષતામાં સંત શિરોમણી રવિદાસ મહારાજની પવિત્ર કળશ યાત્રા વોર્ડ નં. ૧ અને ૨માં ભવ્ય રીતે યોજાઈ હતી. કળશ યાત્રામાં સહ-ઈન્ચાર્જ રાકેશભાઈ પટેલ, સુરેશભાઈ યાદવ, હિતેશભાઈ યાદવ અને રોકીભાઈ માછી સહિત નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, કારોબારી અધ્યક્ષ ગૌરવભાઈ કોન્ટ્રાકટર, નગરપાલિકાના હોદ્દેદારો તથા કોર્પોરેટરો, જિલ્લા અને શહેર સંગઠનના હોદ્દેદારો, સિનિયર કાર્યકર્તાઓ, મોરચાના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત સૌએ કળશનું પૂજન કરી સંત શિરોમણી રવિદાસ મહારાજ પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શ્રીમતી જશુમતિબેન દાન્ડેકરે ભાવસભર વ્યક્તવ્ય આપતાં ઉપસ્થિત સૌને ભક્તિ અને શ્રદ્ધાના ભાવથી ભાવવિભોર કર્યા હતા. કળશ યાત્રા દરમિયાન સમગ્ર વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને મોટી સંખ્યામાં નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**દમણગંગા ટાઈમ્સ**
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## ભિલાડમાં વિદ્યાર્થીઓને નોટબુક-પેન્સિલનું વિતરણ કરાયું

**ઉમરગામ, તા.૨૦ :** વિશ્વ હિન્દુ પરિષદ દક્ષિણ ગુજરાત પ્રાંત વિભાગના વિશેષ માર્ગદર્શન હેઠળ અને વલસાડ જિલ્લા આયોજન અંતર્ગત ભિલાડની મુખ્ય પ્રાથમિક શાળામાં શરૂ થયેલી ત્રિમાસિક પરીક્ષાને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને નોટબુક અને પેન્સિલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ વિભાગના વિશેષ સંપર્ક પ્રમુખ પિયુષભાઈ શાહ, નવનિયુક્ત જિલ્લા મંત્રી અંકિતભાઈ શાહ, તાલુકા સહમંત્રી હિતેશભાઈ પુનમિયા



તથા ગૌતમભાઈ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય ભરતભાઈ તથા શિક્ષકોની હાજરીમાં વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી નોટબુક-પેન્સિલનું વિતરણ કરવામાં આવ્યું હતું.


વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહન મળે અને તેઓ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરે તેવા શુભેચ્છા સંદેશ સાથે આ સેવાકીય પ્રવૃત્તિ યોજાઈ હતી.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 21, August 2026

# છાત્રોની અભિવ્યક્તિને કાયદાનું અનુમોદન

જંતર-મંતર પાસે બનેલી ઘટનાઓના થોડા સમય પછી તરત જ કોર્ટે કહ્યું હતું કે, અરાજકતા ન ફેલાય તે રીતે આંદોલન કરવાનો કોઈ પણ નાગરિકને અધિકાર છે. કોર્ટ ફરીથી વિદ્યાર્થીઓની ભેરે આવી છે. બંધારણની કલમ ૧૪૨ની અસાધારાણ સત્તાનો ઉપયોગ કરીને -દર્શનકારી યુવા વિદ્યાર્થીઓ સામેની એફઆઈઆર કરવાની તૈયારી બનાવીને એક સંદેશ આપ્યો છે કે, ન્યાયપાલિકા સર્વોચ્ચ છે. આ આંદોલનમાં એક તરફ કારકિર્દી સામે પ્રશ્નાર્થ મૂકાતાં ધૂંધવાયેલા વિરોધ પ્રદર્શન કરતા વિદ્યાર્થીઓ હતા, તેમનો રોષ અસ્થાને નહોતો. વારંવાર ફૂટી જતા પેપર, પરિણામમાં ગોટાળા સહિતની બાબતોના પુનરાવર્તનથી તેઓ કંટાળ્યા હતા. રજૂઆતની તેમની શૈલી થોડી ઉગ્ર હતી, પરંતુ મુદ્દો ખોટો નહોતો અને કેટલાક તો એવા પણ અહેવાલ હતા કે કોઈ અસામાજિક તત્ત્વોએ આંદોલનને બદનામ કર્યું. લોકતંત્રનું સૌંદર્ય અને પોત કાયદાના શાસનથી સુરક્ષિત રહે, કાયદાનું શાસન ત્યારે જ જીવંત રહે જ્યારે નાગરિકોને પોતાની અપેક્ષા માટે માગણી કરવાની અને જો તે પૂર્ણ ન થાય તો આક્રોશ વ્યક્ત કરવાની મોકળાશ હોય. વિદ્યાર્થી આંદોલન પછી ભારતની રાજનીતિમાં વર્તમાન પરિપ્રેક્ષ્યમાં આશ્ચર્ય થાય તેવાં કેટલાક તાત્કાલિક પરિવર્તન જોવા મળ્યાં, તેનું સાતત્ય અને આયુષ્ય કેટલું તે તો સમય કહેશે, પરંતુ યુવા વિદ્યાર્થીઓની નોંધ લેવાતી થઈ ગઈ. એનડીએની સરકારના શિક્ષાપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું સહિતની ઘટનાઓ તો બની, પરંતુ સોલિસિટર જનરલે પણ સ્વીકાર્યું કે જેમનો ગુનાહિત ઈતિહાસ છે તેવા તત્ત્વો પૂરતી જ સીમિત તપાસ રહેશે. વાત સ્પષ્ટ છે, ગુનેગારને સજા થવી જ જોઈએ, પરંતુ આદોલન કરે તે દરેક ગુનેગાર એવું માનીને ચલાય નહીં. આંદોલન અધિકાર છે, અરાજકતા નાગિરકનો હક્ક નથી. અદાલતનો દષ્ટિકોણ આવકાર્ય છે, આંદોલનના નામે કંઈ પણ કરવાની ગુનેગારને છૂટ ન હોય અને એફઆઈઆરના ડર નીચે વિદ્યાર્થીના ભાવિને કચડી નખાય નહીં. આંદોલન દરમિયાન લાઠીચાર્જ, પેલેટગન સહિતના મુદ્દા ચર્ચામાં રહ્યા હતા. સિવિલ ડ્રેસમાં આવેલા પોલીસ કર્મચારીઓ પગલાં ભરી શકે કે નહીં તેવો પણ પરશ્ન હતો. આંદોલનકર્તાઓ તરફથી ભાષા વિવેક ન ચુકાવો જોઈએ, તો સામે પ્રશાસને પણ પગલાં લેવામાં સમતા રાખવી જરૂરી છે. હવે સુપ્રીમકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાનો નિર્ણય થયો છે તે સ્પષ્ટ સંકેત છે કે, ભીડ નિયંત્રણ માટે દેશમાં કોઈ સંહિતા નથી. કોઈ અવાજને નિયંત્રિત કરવા માટે લાઠી ક્યારેય વિકલ્પ બની શકે નહીં, વિશેષત લોકશાહીમાં. કોઈ પણ પ્રદર્શન થાય, વિરોધ થાય તો તે કાનૂન વ્યવસ્થા સામેનું સંકટ નથી, પરંતુ ક્યાંક વ્યવસ્થાની ક્ષતિ છે તે સમજવું પડશે. કોલકાતાના આર. જી. કર હોસ્પિટલના બળાત્કાર પ્રકરણ સમયે આખા દેશના ડોક્ટર્સ રસ્તા ઉપર ઊતરી આવ્યા હતા. તેને અરાજકતા નહીં, પરંતુ રોષ તરીકે જ જોવું જોઈએ. પેપર લીક જેવી ઘટના વારંવાર બને, વિદ્યાર્થીઓની કારકિર્દી સામે પ્રશ્નાર્થો ઊભા થાય ત્યારે પણ રોષ ફાટી નીકળે તે સહજ છે. આંદોલનના સીસીટીવી ફૂટેજ અને પુરાવા સુરક્ષિત રાખવાનો આદેશ આપીને પારદર્શકતાનો પુરાવો આપ્યો છે. ક્રાંતિના માસ ઓગસ્ટમાં આવેલા આ ચુકાદાને વિદ્યાર્થીની જીતને સરકારની હાર જેવી સ્થૂળ દૃષ્ટિથી મૂલવવાનો અર્થ નથી. એટલી જ વાત છે કે, અભિવ્યક્તિમાં સચ્ચાઈનો રણકો હોય, તે અહિતકારી ન હોય તો તેને કાયદાનું પણ અનુમોદન હોય જ.

# કોંગ્રેસે 'વંદે માતરમ' ના બે ટુકડા કર્યા: અમિત શાહ



(સંપૂર્ણ સમાચાર સેવા) નવીદિલ્હી, તા.૨૦ :'વંદે માતરમ' વિવાદ પર ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. આજે ગુરુવારે મીડિયા સાથે વાત કરતા, અમિત શાહે એવી ટિપ્પણી કરી કે, કોંગ્રેસે ગઈકાલે રાષ્ટ્રવિરોધી નિર્ણય લીધો હતો. 'વંદે માતરમ' ના ફક્ત બે છંદ ગાવાનું પગલું રાષ્ટ્રવિરોધી છે. શાહે કહ્યું કે કોંગ્રેસે મુસ્લિમ સમુદાયને ખુશ કરવા માટે ૧૯૩૭ માં દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો, જેના કારણે 'દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત' મજબૂત બન્યો, જેના કારણે દેશનું વિભાજન થયું અને પાકિસ્તાનનું નિર્માણ થયું. શાહે ભારપૂર્વક જણાવ્યું કે, મોદી સરકારે કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી તે ઐતિહાસિક ભૂલને સુધારી છે.

ગૃહમંત્રી અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, મોદી સરકારે ભૂતકાળની ભૂલ સુધારીને અને આખું ગીત ગવાય તેની ખાતરી કરીને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવી છે.

"અમે તમામ સરકારી કાર્યક્રમોમાં આખું ગીત ગાવાના નિર્ણયને કાનૂની સમર્થન પણ આપ્યું છે. કોંગ્રેસે આની અવગણના કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય સ્પષ્ટપણે તેમની તુષ્ટિકરણની નીતિને પ્રતિબિંબિત કરે છે. વોટ-બેંકની રાજનીતિ ખાતર, તેઓએ 'બંકિમ બાબુ'ની અમર રચના તેમજ સ્વતંત્રતાનો નારા લગાવતી વખતે ફાંસી પર ચઢેલા તેમજ વર્ષો જેલમાં વિતાવેલા લાખો શહીદોનું ઘોર અપમાન કર્યું છે."

શાહે એમ પણ કહ્યું કે જ્યારે કોંગ્રેસ આજે ૧૯૩૭ના તેના જૂના ઠરાવને વળગી રહી છે. ત્યારે તે સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાનું પાલન કરવાનો ઈનકાર કરી રહી છે. આશ્ચર્યજનક છે કે, રાહુલ ગાંધીના નેતૃત્વમાં, કોંગ્રેસ ફરી એકવાર તુષ્ટિકરણની રાજનીતિનો આશરો લઈ રહી છે. દેશે અગાઉ 'વંદે માતરમ'ને બે ભાગમાં વહેંચવાની ભૂલ કરી છે અને તેના પરિણામો ભોગવ્યા છે. હવે, રાષ્ટ્રએ કોંગ્રેસના આ નિર્ણય સામે એક થવું જોઈએ અને જાહેર કરવું જોઈએ કે તેમની તુષ્ટિકરણની રાજનીતિ હવે સહન કરવામાં આવશે નહીં. ભાજપ કોંગ્રેસના આ નિર્ણયની નિંદા કરે છે.

શાહ અને ભાજપ દ્વારા આપવામાં આવેલા નિવેદનોનો જવાબ આપતા, કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે કહ્યું કે, ભાજપ પેપર લીક, દાનની ચોરી અને અરુણાચલ પ્રદેશમાં ચીની ઘૂસણખોરી જેવા મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે. આ રાષ્ટ્રીય મુદ્દાઓ દબાણયુક્ત છે, અને ભાજપ તેમાંથી ધ્યાન ભટકાવવા માટે આ પ્રકારના નિવેદનબાજી કરી રહી છે. આપણે ૧૯૩૭ થી 'વંદે માતરમ' ગાઈ રહ્યા છીએ. આપણા માટે આમાં નવું શું છે? રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત બંને આપણામાં ઊંડી લાગણી જગાડે છે કારણ કે તે ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો ભાગ હતા. ભાજપ સ્વતંત્રતા સંગ્રામ વિશે કંઈ જાણતો નથી.

# નવી દિલ્હીમાં પાક. હાઈ કમિશનની બહાર ટ્રાફિક બોલાર્ડ- સુરક્ષા બેરિકેડ્સ દૂર કર્યા



(જી.એન.એસ) તા. ૨૦

નવી દિલ્હી, ભારતીય અધિકારીઓએ નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનની બહાર બાહ્ય સુરક્ષા પરિમિતિ દૂર કરી દીધી છે, રાજદ્વારી પરિસરની આસપાસ લગાવવામાં આવેલા ટ્રાફિક બોલાર્ડ અને બેરિકેડ્સ તોડી નાખ્યા છે. પાકિસ્તાની અધિકારીઓએ ઈસ્લામાબાદમાં ભારતીય હાઈ કમિશનની બહાર સુરક્ષા બેરિકેડ્સ દૂર કર્યાના ત્રણ દિવસ પછી આ પગલું લેવામાં આવ્યું છે, જે બે પડોશી દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે બદલો લેવાનું પગલું હોવાનું જણાય છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજદ્વારી તણાવમાં વધારો થયો છે, જે ગયા વર્ષે ટૂંકા સંઘર્ષમાં લડ્યો હતો.

પાકિસ્તાને અમેરિકી રાજદૂતની જમ્મુ અને કાશ્મીર ટિપ્પણીનો વિરોધ કર્યો છે.આ ઘટનાક્રમ એવા સમયે પણ આવ્યો છે જ્યારે ભારતમાં અમેરિકી રાજદૂત સર્જિયો ગોરની જમ્મુ અને કાશ્મીરની પહેલી મુલાકાત અને કેન્દ્રશાસિત પ્રદેશને "ભારતનો મહત્વપૂર્ણ ભાગ" ગણાવવાથી પાકિસ્તાન સ્પષ્ટપણે ગુસ્સે છે.બુધવારે શ્રીનગરની મુલાકાત દરમિયાન, ગોરે જમ્મુ અને કાશ્મીરને "ભારતનો મહત્વપૂર્ણ ભાગ" ગણાવ્યું અને પ્રદેશની કુદરતી સુંદરતાની પ્રશંસા કરી. તેમની ટિપ્પણીએ ઈસ્લામાબાદ તરફથી તીવ્ર પ્રતિક્રિયા આપી.ગોર, જે ટ્રમ્પ વહીવટીતંત્રના દક્ષિણ અને મધ્ય એશિયા માટેના ખાસ દૂત પણ છે, તેમણે શ્રીનગરની મુલાકાત લીધી અને દાલ તળાવ પર શિકારા સવારી કરી. તેમણે એમ પણ કહ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ જમ્મુ અને કાશ્મીર માટે તેની મુસાફરી સલાહ પર પુનર્વિચાર કરી શકે છે, કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશમાં સુરક્ષા સુધારવા માટે લેવામાં આવેલા પગલાંનો ઉલ્લેખ કરીને.પાકિસ્તાને યુએસ રાજદૂતને સમન્સ પાઠવ્યાગોરની ટિપ્પણીના થોડા કલાકો પછી, પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે ઈસ્લામાબાદમાં યુએસ ચાર્જ ડી'અફેર્સ નતાલી બેકરને બોલાવ્યા અને રાજદૂતની ટિપ્પણીઓ પર "મજબૂત વિરોધ" નોંધાવ્યો.પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે કહ્યું કે ઈસ્લામાબાદે જમ્મુ અને કાશ્મીરને ભારતના ભાગ તરીકે વર્ણવવાની "સખત નિંદા અને સ્પષ્ટપણે નકારી" છે. તેણે જાળવી રાખ્યું કે જમ્મુ અને કાશ્મીર એક આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત વિવાદિત પ્રદેશ છે જેની અંતિમ સ્થિતિ સંબંધિત યુએન સુરક્ષા પરિષદના ઠરાવો અને કાશ્મીરી લોકોની આકાંક્ષાઓ અનુસાર નક્કી થવાની બાકી છે.પાકિસ્તાની પક્ષે એવી પણ દલીલ કરી હતી કે ગોરની ટિપ્પણીઓ કાશ્મીર વિવાદ પર લાંબા સમયથી ચાલતી યુએસ સ્થિતિનો વિરોધાભાસ કરે છે અને આંતરરાષ્ટ્રીય કાયદા અને યુએન ચાર્ટર પ્રત્યે વોશિંગ્ટનની પ્રતિબદ્ધતા સાથે અસંગત છે.પાકિસ્તાને ટ્રમ્પના મધ્યસ્થી દાવાને વાચા આપીઈસ્લામાબાદે ગયા વર્ષે મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસના સંઘર્ષ બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા મધ્યસ્થી કરવાની ઓફરનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ટ્રમ્પની ઓફર સ્વીકારતા, પાકિસ્તાને વોશિંગ્ટનને વિનંતી કરી કે તે ખાતરી કરે કે તેના જાહેર નિવેદનો જમ્મુ અને કાશ્મીરની વિવાદિત સ્થિતિ પર તેના વલણ સાથે સુસંગત રહે. રાજદ્વારી પરિસર અને અમેરિકન રાજદૂતની કાશ્મીર ટિપ્પણીઓ સાથે સંકળાયેલા વિકાસ ભારત-પાકિસ્તાન સંબંધોમાં એક સંવેદનશીલ સમયે

# કાશ્મીર ભારતનું જ છે: અમેરિકા


(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ, તા.૨૦

અમેરિકન પ્રમુખના ભારત સ્થિત રાજદૂત સર્જિયો ગોરે શ્રીનગર ખાતે આપેલા એક મહત્ત્વના નિવેદનને કારણે પાકિસ્તાનમાં મોટો ખળભળાટ મચી ગયો છે. ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે કાશ્મીર પ્રવાસ દરમિયાન સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે 'જમ્મુ-કાશ્મીર ભારતનો જ ભાગ છે.' આ સાથે તેમણે અમેરિકન નાગરિકોને કાશ્મીરની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવાની અને ટ્રાવેલ એડવાઈઝરીની સમીક્ષા કરવાની વાત પણ કરી હતી. સુપરપાવર દેશના પ્રતિનિધિ દ્વારા જાહેર મંચ પરથી કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ ગણાવતા જ આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનનો ખોટો પ્રોપેગેન્ડા પડી ભાંગ્યો છે.અમેરિકન રાજદૂત સર્જિયો ગોરના આ નિવેદનથી અકળાયેલા પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ઈસ્લામાબાદ ખાતે તહેનાત અમેરિકન ઉપ-રાજદૂત સામે આકરો વિરોધ નોંધાવ્યો હતો અને તેમને એક વિરોધ પત્ર (ડિમાર્શે) આપ્યો હતો. પાકિસ્તાની અધિકારીઓએ અમેરિકન દૂતના નિવેદનને સખત શબ્દોમાં ફગાવી દીધું હતું. પાકિસ્તાને દાવો કર્યો હતો કે કાશ્મીર એક આંતરરાષ્ટ્રીય વિવાદિત ક્ષેત્ર છે અને તેનો ઉકેલ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના પ્રસ્તાવ મુજબ થવો જોઈએ.આ સમગ્ર ઘટનાક્રમમાં પાકિસ્તાનની લાચારી અને બેવડું વલણ સ્પષ્ટપણે છતું થયું છે. એક તરફ પાકિસ્તાન અમેરિકાને દશકો જૂની નીતિઓનું પાલન કરવાની સલાહ આપી રહ્યું છે, તો બીજી તરફ તે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ કાશ્મીર મુદ્દે મધ્યસ્થતા કરવા માટે વિનંતી પણ કરી રહ્યું છે.

પાકિસ્તાની વિદેશ મંત્રાલયે જાહેર કરેલા પત્રમાં ડોનાલ્ડ ટ્રમ્પના એ જૂના નિવેદનની પ્રશંસા કરવામાં આવી છે, જેમાં તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થતા કરવાની ઓફર કરી હતી.કૂટનીતિક દ્રષ્ટિએ અમેરિકન રાજદૂતનું શ્રીનગર જવું અને ત્યાંથી કાશ્મીરને ભારતનો ભાગ ગણાવવો એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ઘટના છે. જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવ્યા બાદ શાંતિ અને વિકાસનો નવો યુગ શરૂ થયો છે, જે હવે દુનિયા જોઈ રહી છે. પાકિસ્તાન દ્વારા અમેરિકન ડિપ્લોમેટને સમન પાઠવવું એ માત્ર પોતાની સ્થાનિક જનતાને ગુમરાહ કરવાનો એક પ્રયાસ છે, કારણ કે વૈશ્વિક મંચ પર પાકિસ્તાનના આ વિરોધને હવે કોઈ ગંભીરતાથી લઈ રહ્યું નથી.

# વિશ્વના સૌથી ઊંચા રેલવે ટ્રેક પર 'બુલેટ' ટ્રેનની સ્પીડે દોડી વંદે ભારત



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૦

દુનિયાનો સૌથી ઉંચો અને ભારતનો સૌથી પડકારજનક રેલ્વે ટ્રેક, ચેનાબ બ્રિજ પર વંદે ભારત પહેલી વખત ૧૦૦ કિમી/કલાકની ઝડપે દોડી છે, આ વીડિયો જોયા બાદ દરેક વ્યક્તિ મંત્રમુગ્ધ થઈ ગયા. ઉત્તર રેલ્વેએ તેના સોશિયલ મીડિય પર ટ્રેક પર દોડતી ટ્રેનનો વીડિયો શેર કર્યો, તેને ભારતનું ગૌરવ ગણાવ્યું. આ રેલ્વે ટ્રેક ૧૮૦-ડિગ્રી ચઢાણ સાથે પડકારોથી ભરેલો છે.

તમને જણાવી દઈએ કે, ચિનાબ બ્રિજ પર બનેલો રેલવે ટ્રૈક એફિલ ટાવરથી પણ ઉંચો છે. આ રેલવે બ્રિજ ઉધમપુર-શ્રીનગર-બારામૂલા રેલવે લિંકનો ભાગ છે. આટલો ઉંચો રેલવે ટ્રેક પર વંદે ભારતનું દોડવું કોઈ સપનું સાચું થવાથી ઓછું નથી. ચિનાબ બ્રિજ ચિનાબ નદીથી અંદાજે ૩૫૯ મીટર ઉપર બનેલો છે. આ દુનિયાનો સૌથી ઉંચો રેલવે બ્રિજમાં ટોપ પર છે. તેની કુલ લંબાઈ ૧૩૧૫ મીટર છે. આ બ્રિજ પેરિસના એફિલ ટાવરથી પણ ઉંચો છે. દુનિયાનો સૌથી ઉંચો રેલવે ટ્રેક પર ૧૦૦ કિમીની સ્પીડથી ટ્રેન દોડે છે. રેલવે મંત્રાલયે નોર્દન રેલવેના જમ્મુ ડિવીનમાં શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-બનિહાલ વચ્ચે ૧૧૧ કિમી નવા લાંબો બ્રોડ-ગેજ રેલ સેક્શન પર ટ્રેનોની મહત્તમ પરવાનગી ગતિ ૧૦૦ કિમી/કલાક સુધી વધારવાની મંજૂરી આપવામાં આવી હતી. અગાઉ, આ સેક્શન પર શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-સાંગલદાન સેક્શન માટે ૮૫ કિમી/કલાક અને સાંગલદાન-બનિહાલ સેક્શન માટે ૭૫ કિમી/કલાકની પરવાનગી ગતિ હતી.

# પરીક્ષા રદ કરવાના હેમંત સોરેન સરકારના આદેશ પર રોક લગાવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાંચી, તા.૨૦ : ઝારખંડમાં JPSCની ૧૧મીથી ૧૩મી પરીક્ષા અને ફૂડ સેફ્ટી ઓફિસર પરીક્ષાને લઈ ઝારખંડ હાઈકોર્ટે મોટો ચુકાદો સંભળાવ્યો છે. હાઈકોર્ટે બંને પરીક્ષાઓને લઈ રાજ્ય સરકાર તરફથી જાહેર આદેશ પર તાત્કાલિક પ્રભાવથી રોક લગાવી દીધી છે. કોર્ટના આ ચુકાદાથી પરીક્ષા સાથે જોડાયેલા અભ્યાર્થીઓને મોટી રાહત મળશે.મામલાની સુનાવણી ઝારખંડ હાઈકોર્ટમાં થઈ. સુનાવણી દરમિયાન કોર્ટે રાજ્ય સરકારના એ આદેશ પર સ્ટે લગાવી દીધો, જે અંતર્ગત બંને પરીક્ષાઓને લઈ કાર્યવાહી કરી હતી. હાઈકોર્ટે રાજ્ય સરકારને ૧૫ દિવસની અંદર જવાબ દાખલ કરવા માટે નિર્દેશ આપ્યા છે.

કોર્ટે રાજ્ય સરકારને ૧૫ દિવસની અંદર કાઉન્ટર એફિડેવિટ સાથે જવાબ દાખલ કરવાના નિર્દેશ આપી દીધા છે. આ નિર્ણય બાદ બંને પરીક્ષા મામલાના અરજીકર્તાઓને તાત્કાલિક પ્રભાવથી કામ પર પરત ફરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ મામલાની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે રાજ્ય સરકારના આ આદેશ પર સ્ટે આપ્યો, જે અંતર્ગત બંને પરીક્ષાઓથી સંબંધિત કાર્યવાહી કરી હતી. હવે સરકારને કોર્ટ સમક્ષ પોતાનો પક્ષ અને સંબંધિત દસ્તાવેજ રજૂ કરવા પડશે.

આપને જણાવી દઈએ કે, ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં કથિત ગરબડને લઈ ૨૬ દિવસથી ચાલી રહેલા આંદોલન બુધવાર સ્થગિત થઈ ગયું. સરકારે પ્રદર્શનકારીઓ સાથે કેટલીય વખત વાત કર્યા બાદ ૨૦૧૪થી અત્યાર સુધી ઝારખંડ લોક સેવા આયોગ, ઝારખંડ કર્મચારી ચયન આયોગ અને એક આઉટસોર્સ એજન્સી દ્વારા આયોજિત ૨૨ ભરતી પરીક્ષાઓને રદ કરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત ૨૩ અન્ય પરીક્ષાઓની વચ્ચે તપાસ કરવાના આદેશ આપ્યા છે.

# મણિપુરમાં ફરીવાર શાંતિ નો માહોલ?

(જી.એન.એસ) તા. ૨૦

ઈમ્ફાલ, મણિપુર સરકારે જાહેરાત કરી હતી કે, રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ ૨૦ ઓગસ્ટથી ત્રણ દિવસ માટે બંધ રહેશે, કારણ કે "કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે".રાજ્યમાં વસ્તી ગણતરી હાથ ધરાય તે પહેલાં રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (દ્ગઇઝ્ર) અપડેટ કરવા માટે દબાણ કરવા માટે કેમ્પેઈન ફોર જસ્ટ એન્ડ ફેર ડિલિમિટેશન (ત્નહ્લઢ) દ્વારા બોલાવવામાં આવેલી ૪૮ કલાકની સામાન્ય હડતાળના બીજા દિવસે પ્રદર્શનકારીઓએ રાજકારણીઓના પુતળા દહન કર્યા અને મણિપુરના ખીણ જિલ્લાઓના વિવિધ ભાગોમાં રેલીઓ કાઢી.

ત્નહ્લઢ એ ગુરુવારથી તેના ચાલી રહેલા આંદોલનના ભાગ રૂપે તમામ સરકારી કચેરીઓનો બહિષ્કાર કરવાની પણ જાહેરાત કરી છે..રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા એક આદેશમાં કહેવામાં આવ્યું છે કે, "રાજ્યમાં પ્રવર્તમાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, મણિપુરના રાજ્યપાલ ૨૦ ઓગસ્ટથી ૨૨ ઓગસ્ટ સુધી માધ્યમિક શિક્ષણ બોર્ડ, ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પરિષદ, કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા અન્યથા સંલગ્ન તમામ શાળાઓ; કોલેજો અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ જેમાં યુનિવર્સિટીઓ શામેલ છે; સરકારી, સહાયિત અથવા બિન-સહાયિત ક્ષેત્રો હેઠળ આવે છે, બંધની જાહેરાત કરે છે.

ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના ખુરાઈ લામલોંગ ખાતે, બંધ સમર્થકોએ બુધવારે મુખ્યમંત્રી વાય ખેમચંદ સિંહ અને ગૃહમંત્રી ગોવિંદદાસ કોન્થુજમના પુતળાનું દહન કર્યું.

તેમણે માંગ કરી હતી કે આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિઓ (ૈંઁજ) તેમના વતન પાછા ન ફરે ત્યાં સુધી વસ્તી ગણતરી હાથ ધરવામાં ન આવે.ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના સિંગજામેઈ ખાતે ડઝનબંધ પ્રદર્શનકારીઓએ રેલી પણ કાઢી હતી અને તેમની માંગણીઓ માટે દબાણ કરવા માટે લગભગ ૨ કિમી સુધી કૂચ કરી હતી.




# ઈન્વેસ્કો મ્યુચ્યુઅલ ફંડે ઈન્વેસ્કો ઈન્ડિયા ફાર્મા એન્ડ હેલ્થકેર ફંડ રજૂ કર્યું

**સુરત, તા. ૨૦ :** ઈન્વેસ્કો મ્યુચ્યુઅલ ફંડે આજે ઈન્વેસ્કો ઈન્ડિયા ફાર્મા એન્ડ હેલ્થકેર ફંડ લોંચ કર્યાની જાહેરાત કરી છે (આ ઓપન એન્ડેડ ઈક્વિટી સ્કીમ ફાર્મા, હેલ્થકેર અને સંલગ્ન ક્ષેત્રોમાં રોકાણ કરે છે). ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) સબસ્ક્રિપ્શન માટે ખુલ્લો છે, એનએફઓ બંધ થશે: ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬. આ ફંડને આદિત્ય ખેમાની મેનેજ કરશે અને તે બીએસઈ હેલ્થકેર ટીઆરઆઈ સામે બેન્ચમાર્ક રહેશે. એનએફઓ દરમિયાન લઘુત્તમ લમ્પસમ રોકાણની રકમ રૂ. ૧,૦૦૦ અને ત્યારબાદ રૂ. ૧ના ગુણાંકમાં રહેશે. એસઆઈપી રોકાણો માટે એપ્લીકેશનની લઘુત્તમ રકમ રૂ. ૧૦૦ અને ત્યારબાદ રૂ. ૧ના ગુણાંકમાં રહેશે. આ ફંડ ફાળવણી તારીખથી ૩ મહિના પહેલા યુનિટ રિડિમ અથવા સ્વિચ કરવામાં આવે તો ૦.૫૦ ટકા એક્ઝિટ લોડ ચાર્જ કરાશે. જો ૩ મહિના બાદ યુનિટ રિડિમ અથવા સ્વિચ કરાશે તો કોઈપણ એક્ઝિટ લોડ ચાર્જ કરાશે નહીં.

# બોર્ડર પર સમસ્યા તો છે :કિરેન રિજિજૂ

(સંપૂર્ણ સમાચાર સેવા) નવીદિલ્હી, તા.૨૦ : કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી અને અરુણાચલ પ્રદેશના સાંસદ કિરેન રિજિજૂએ ભારત-ચીન સરહદ (LAC) ને લઈને એક મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન બોર્ડર પર સરહદ રેખાંકિત ન હોવાને કારણે સમસ્યા ચોક્કસ છે. જોકે, તેમણે ચીની સેના દ્વારા અરુણાચલ પ્રદેશમાં ૬૦ કિલોમીટર અંદર સુધી ઘૂસણખોરી કરવાના અહેવાલોને તથ્યહીન ગણાવીને ફગાવી દીધા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી અફવાઓથી ભારતીય સેનાનું મનોબળ તૂટે છે, પરંતુ સરહદી વિસ્તારોમાં ચાઈનીઝ આર્મીની વધેલી ગતિવિધિઓને ગંભીરતાથી લેવી જરૂરી છે.કિરેન રિજિજૂએ ભારત-ચીન સરહદ વિવાદ વિશે વિગતવાર વાત કરતા જણાવ્યું કે, અરુણાચલ પ્રદેશમાં બંને દેશો વચ્ચે ખૂબ જ લાંબી સીમા છે. પરંતુ જમીન પર બોર્ડર પિલર કે સ્પષ્ટ રેખાંકન નથી. તેમણે યાદ અપાવ્યું કે જ્યારે તિબ્બત એક અલગ રાષ્ટ્ર હતું ત્યારે પણ ભારત અને તિબ્બત વચ્ચે સરહદનું પરિસીમન થયું નહોતું. તેમણે ઉમેર્યું કે દુર્ગમ અને ઊંચાઈ વાળા વિસ્તારોમાં ગામડાં નથી હોતા, ગામડાં માત્ર ખીણમાં હોય છે. સ્થાનિક લોકો પરંપરાગત રીતે પશુઓ ચરાવવા, શિકાર કરવા કે વેપાર માટે ઉપરના વિસ્તારોમાં જતા હતા. સરહદનું સીમાંકન ન હોવાને કારણે ભારત અને ચીનની સેનાઓ વચ્ચે અવારનવાર તણાવ સર્જાય છે.સરહદી વિવાદના મૂળ કારણો વિશે વાત કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ચીને પહેલા સરહદ પાસે રસ્તાઓ, હાઈવે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનું શરૂ કર્યું હતું. તેમણે કહ્યું કે, "કોંગ્રેસના શાસનકાળ દરમિયાન તત્કાલીન સંરક્ષણ મંત્રી એ. કે. એન્ટનીએ સંસદમાં નિવેદન આપ્યું હતું કે અરુણાચલ પ્રદેશના સરહદી વિસ્તારોમાં રસ્તા ન બનાવવા એ ભારત સરકારની નીતિ છે. જ્યારે બીજી તરફ ચીન સતત રસ્તાઓ અને કેમ્પ બનાવતું રહ્યું. આપણો રસ્તો ન હોવાથી અને ચીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી લીધું હોવાથી ઊંચાઈ વાળા વિસ્તારોમાં તેમણે કબજો કરી લીધો."

જોકે, વર્ષ ૨૦૧૪ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે આ નીતિ બદલી નાખી અને સરહદ પર ઝડપથી રસ્તા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ શરૂ કર્યું. રિજિજૂએ સ્પષ્ટ કર્યું કે, "એવું નથી કે ચીને આવીને આપણાં ગામડાં પર કબજો કરી લીધો છે.

# UNSCમાં ભારતના ચીન-પાક.ની બેવડી નીતિ પર પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૦

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં ભારતે એક વાર ફરી પાકિસ્તાન અને ચીનને કડક શબ્દોમાં સ્પષ્ટ સંકેત આપ્યો છે કે બંને દેશો આતંકવાદીઓની ઢાલ બનવાનું બંધ કરે. ભારતે ભારપૂર્વક જણાવ્યું કે સંયુક્ત રાષ્ટ્રને પોતાના સંકીર્ણ રાજકીય સ્વાર્થ સાધવાનું મંચ ન બનાવવું જોઈએ અને આતંકવાદીઓની ગ્લોબલ લિસ્ટિંગ પ્રક્રિયામાં રાજકીય હસ્તક્ષેપ બિલકુલ સહન કરવામાં આવશે નહીં.

સુરક્ષા પરિષદની કાર્યપ્રણાલી પર આયોજિત એક મહત્વપૂર્ણ ચર્ચા દરમિયાન સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ યોજના પટેલે કોઈ દેશનું નામ લીધા વિના પાકિસ્તાન અને ચીન પર પરોક્ષ પ્રહારો કર્યા હતા. ભારતીય પ્રતિનિધિએ કહ્યું કે કોઈપણ આતંકવાદીને પ્રતિબંધિત યાદીમાં ઉમેરવાની કે તેમાંથી હટાવવાની પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને નિષ્પક્ષતા હોવી અત્યંત જરૂરી છે. તેમણે આતંકવાદ અને પ્રતિબંધો સાથે જોડાયેલા મામલાઓ જોતી સહાયક સમિતિઓની સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. પરિષદના આંતરિક મતભેદોના કારણે આ કમિટીઓના અધ્યક્ષોની નિમણૂક અટકેલી છે, જેનાથી આતંકવાદ વિરોધી કામગીરી પર માળખાકીય અસર પડી રહી છે.

# ચીનના રીયુઝેબલ રોકેટનું સફળ લેન્ડીંગ

(જી.એન.એસ) તા. ૨૦

બીજિંગ,ચીને પહેલી વાર જમીન પર રોકેટના પ્રથમ તબક્કાને સફળતાપૂર્વક ફરીથી કબજે કરી લીધુંછે, એમ રાજ્ય મીડિયાએ બુધવારે અહેવાલ આપ્યો, કારણ કે દેશ તેના અવકાશ કાર્યક્રમને આગળ વધારવા માંગે છે.જોકે આ ચીનનું જમીન પર પ્રથમ સફળ પુનઃપ્રાપ્તિ છે, જુલાઈમાં દરિયાઈ પ્લેટફોર્મ પર સફળ પુનઃપ્રાપ્તિ પછી, દેશે રોકેટ સ્ટેજ ફરીથી મેળવ્યો છે તે બીજી વખત છે.ચીનની રાજ્ય સમાચાર એજન્સી સિન્હુઆએ જણાવ્યું હતું કે ખાનગી એરોસ્પેસ કંપની લેન્ડસ્પેસ દ્વારા વિકસિત ફરીથી વાપરી શકાય તેવું રોકેટ, ઝુક-૩, બુધવારે સવારે લોન્ચ કરવામાં આવ્યું હતું અને રોકેટનો પ્રથમ તબક્કો પછી પુનઃપ્રાપ્ત કરવામાં આવ્યો હતો. એલોન મસ્કના સ્પેસએક્સ અને જેફ બેઝોસના બ્લુ ઓરિજિન ૨૦૧૫ થી રોકેટ પુનઃપ્રાપ્ત કરી રહ્યા છે, જે હાર્ડવેરનો ફરીથી ઉપયોગ કરીને લોન્ચ ખર્ચ ઘટાડવામાં મદદ કરે છે જે અન્યથા અવકાશમાં ઉપગ્રહો અને અન્ય પેલોડ્સ લઈ ગયા પછી કાઢી નાખવામાં આવશે. સિન્હુઆએ એમ પણ કહ્યું હતું કે બુધવારની પુનઃપ્રાપ્તિએ ચીન દ્વારા ડિપ્લોયેબલ લેન્ડિંગ લેગ્સનો પ્રથમ ઉપયોગ પણ દર્શાવ્યો હતો.

# ચીખલી પોસ્ટ માસ્ટરની ઉચાપત કેસમાં ત્રણ વર્ષની સજા અને દંડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૨૦ :** ચીખલી તાલુકાના આગાસી ગામે આવેલ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્તરે ૧૬ વર્ષ અગાઉ રીકરીંગના પૈસા તેમજ સેવિંગ ખાતામાં જમા કરવામાં આવતા ખાતેદારોના પૈસા પાસબુકમાં જમા બતાવી સરકારી હિસાબમાં જે તે સમયે જમા ન બતાવી રૂપિયા ૧૧૮૫૦ ની ઊંચાપત કરેલ હોવાનું બહાર આવતા જે તે સમયે ચીખલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી હતી જે કેસનો ચુકાદો ચીખલી કોર્ટે જાહેર કરતા અગાસી બ્રાન્ચ પોસ્ટ માસ્તરને રૂપિયા ૧૦૦૦૦નો દંડ અને ત્રણ વર્ષની સખત કેદની સજા દંડ ન ભરે તો વધુ નવ માસની સાદી કેદની સજા ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે.

ચીખલી તાલુકાના રૂમલાના પોસ્ટ ઓફિસના તાબા હેઠળની આગાસી બ્રાન્ચ પોસ્ટ ઓફિસના બ્રાન્ચ પોસ્ટ માસ્તર રમેશભાઈ ધનજીભાઈ મિસિયાલ જેણે તા. ૧૮. ૫. ૮૯ થી ૨૨.૬.૧૦ સુધી ફરજ પર હતા તે સમય દરમિયાન સેવિંગ બેંક અને રીકરીંગ ખાતાના ખાતેદારો પાસેથી ખાતામાં જમા કરવા માટે રકમ સ્વીકારેલી હતી અને નિયમ મુજબ જે તે પાસબુકમાં જમા નોંધ લખીને આગાસી બી.ઓ.ની તારીખ છાપ મારીને ખાતેદારને પાસબુકો પરત કરેલી પરંતુ આ રકમ સરકારી હિસાબમાં જે તે તારીખોએ જમા ન લઈને તેમણે સરકારી રકમ રૂપિયા ૧૧. ૮૫૦ ની ઉચાપત કરેલ હોવાનું તપાસ દરમિયાન બહાર આવતા તારીખ ૧૬.૭.૧૦ ના રોજ રતિલાલ જીવલા પટેલ સીની.સુપ્રી. ઓફ પોસ્ટ ઓફિસ નવસારી ડિવિઝન દ્વારા ચીખલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જે કેસ ચીખલી કોર્ટમાં ચાલી જતા ચીખલી કોર્ટના વિદ્વાન જજ એસ.પી. દવે ગંભીરતાપૂર્વક કેસની તપાસ કરતા તેમજ ચીખલી કોર્ટના સરકારી વકીલ યોગેશભાઈ આર પટેલની ધારદાર રજૂઆતો ને ધ્યાનમાં રાખી તેમજ બનાવની ગંભીરતા જોઈ રમેશભાઈ ધનજીભાઈ મિસિયાળને રૂા. ૧૦૦૦૦નો દંડ અને ત્રણ વર્ષની સખત કેદની સજા જો દંડ ભરવામાં કસુરવાર થાય તો વધુ નવ માસની સાદી કેદની સજા ફરમાવતો હુકમ કરવામાં આવ્યો છે.

# ઉમરસાડીમાં દારૂ ભરેલ કાર ઝડપાઈ : ચાલક ફરાર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૨૦ :** પારડી પોલીસ પેટ્રોલિંગમાં હતાં તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ઉમરસાડી ગામના દેસાઈવાડ ખાતે જલારામ મંદિર નજીક રોડ પર નાકાબંધી ગોઠવવામાં આવી હતી. દરમિયાન સફેદ કલરની હુન્ડાઈ કંપનીની વેન્યુ કાર નંબર GJ-08-FA-0831 ત્યાંથી પસાર થઈ હતી. પોલીસે તેને રોકવાનો પ્રયાસ કરતાં કારચાલક પોલીસની નાકાબંધી જોઈ કાર સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પોલીસે કારની તલાશી લેતાં કારની વચ્ચેની સીટના ભાગે, ડ્રાઈવર તથા ક્લીનર સીટની નીચે તેમજ ડીકીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી પોલીસે ૧૭ પેટી તથા છૂટી બોટલો/બીયર ટીન મળી કુલ ૯૧૨ નંગ, જેમાં કુલ ૨૮૪.૬૪ લિટર વિદેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. જેની કુલ કિંમત રૂ.૪,૧૮,૮૦૦ હોવાનું પોલીસે જણાવ્યું છે. આ ઉપરાંત રૂ.૫ લાખની હુન્ડાઈ વેન્યુ કાર પણ કબજે કરવામાં આવી છે. આમ, પોલીસે કુલ રૂ.૯,૧૮,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# ડાંગ જિલ્લાના કર્મચારીઓએ બેડમિન્ટનમાં રચ્યો ઈતિહાસ

## બે ખેલાડીઓ નેશનલ ગેમ્સ માટે પસંદ, એક ખેલાડી વેઈટિંગમાં પ્રથમ



**આહવા, તા. ૨૦ :** આગામી ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીઝ નેશનલ ગેમ્સ, ૨૦૨૬માં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા માટે ડાંગ જિલ્લાના કર્મચારીઓએ શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે.

ગાંધીનગર ખાતે યોજાયેલી 'અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિન્ટન પસંદગી સ્પર્ધા' માં ડાંગ જિલ્લાના બે ખેલાડીઓની રાજ્યની ટીમમાં પસંદગી થઈ છે, જ્યારે એક ખેલાડીએ વેઈટિંગ લિસ્ટમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

સચિવાલય જીમખાના, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે તારીખ ૧૭, ૧૮, અને ૧૯ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન 'અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિન્ટન પસંદગી સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સરકારી માધ્યમિક શાળા, આહવાના આચાર્ય પ્રજેશ બી. ટંડેલના માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લામાંથી સર્વ શૈલેષભાઈ ગાવિત, નીતુસિંહ ગૌતમ અને હિરેન પટેલે ભાગ લીધો હતો.

આ પસંદગી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સર્વશ્રી શૈલેષભાઈ ગાવિત અને નીતુસિંહ ગૌતમે આગામી દિવસોમાં આસામ ખાતે યોજાનારી ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીઝ નેશનલ ગેમ્સ-૨૦૨૬ માટે 'ગુજરાત સચિવાલય'ની બેડમિન્ટન ટીમમાં સ્થાન નિશ્ચિત કર્યું છે. આ ખેલાડીઓ હવે રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. જ્યારે ત્રીજા ખેલાડી હિરેન પટેલે પણ વેઈટિંગ લિસ્ટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને નોંધપાત્ર સફળતા મેળવી છે. આ સિદ્ધિ સાથે, ડાંગ જિલ્લાના કર્મચારી ખેલાડીઓએ સતત પાંચમી વાર આ સ્પર્ધામાં બાજી મારી છે, જે જિલ્લાના ખેલ કૌશલ્યનો ઉત્તમ પુરાવો છે. આ ખેલાડીઓએ મેળવેલી સફળતાથી ડાંગ જિલ્લાનું અને તમામ કર્મચારી આલમનું ગૌરવ વધ્યું છે. તેઓ આગામી નેશનલ ગેમ્સમાં પણ ઉત્તમ પ્રદર્શન કરી રાજ્યનું નામ રોશન કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# બીલીમોરા આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશ મેળવી લેવા જોગ

**નવસારી, તા.૨૦ :** આઈ.ટી.આઈ. બીલીમોરા ખાતે ઓગસ્ટ-૨૦૨૫ના પ્રવેશ સત્ર માટે વિવિધ ટ્રેડોમાં ખાલી રહેલી બેઠકો પર વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવનાર છે. આગામી તા.૧૪-૦૮-૨૦૨૬ સુધી પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ જરૂરી પ્રમાણપત્રો સાથે આઈ.ટી.આઈ. બીલીમોરા ખાતે રૂબરૂ હાજર થવાનું રહેશે. ઉમેદવારોના પ્રવેશ ફોર્મ સંસ્થા ખાતે વિના મૂલ્યે ભરી આપવામાં આવશે.

આ અંગે વધુ માહિતી તથા પ્રવેશ અંગેની જરૂરી કાર્યવાહી માટે ઉમેદવારોએ તાત્કાલિક ધોરણે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, બીલીમોરાનો રૂબરૂ સંપર્ક કરવા આચાર્ય દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ડાંગની ફોરેસ્ટ ચેકપોસ્ટ પર બબાલ કરનારને અઢી વર્ષની સજા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા. ૨૦ :** ડાંગ જિલ્લાના મુરંમબારી ફોરેસ્ટ ચેકપોસ્ટ પર પોતાની સરકારી ફરજ પર હાજર રોજમદાર સાથે ગાળાગાળી કરી, ઢીકાપાટુનો માર મારી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપનાર આરોપીને જે.એમ.એફ.સી. કોર્ટ આહવા દ્વારા બે વર્ષ અને છ માસની સજા તેમજ રૂ. ૨૫૦૦/-નો દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યો છે.બનાવની વિગત અનુસાર, ફરિયાદી મોતીરામભાઈ કાકડીયાભાઈ દળવી મુરંમબારી ફોરેસ્ટ ચેકપોસ્ટ ખાતે પોતાની સરકારી ફરજ પર હાજર હતાં. તે દરમિયાન આરોપી ગણેશભાઈ સોમાભાઈ ચૌધરી (રહે. પીપલઘોડી તા.આહવા જી.ડાંગ) પોતાની બોલેરો પીકઅપ ગાડી (નં. GJ-15-BB-2572) લઈને ચેકપોસ્ટની આડાસ સાથે અડાડી દીધેલ.આથી ફરિયાદીએ નિયમ મુજબ તેમને જણાવ્યું કે ગાડી નંબર અને લાયસન્સ રજિસ્ટરમાં લખાવી આગળ જાઓ. આ વાત સાંભળી આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ફરિયાદીને અસભ્ય ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી ગાલના ભાગે તથા કમરના ભાગે પકડી રોડ પર ફેંકી દીધો હતી. તેમજ ફરિયાદીના ડાબા ખભા અને ડાબા હાથની કોણીએ ઈજા પહોંચાડી સરકારી ફરજમાં રૂકાવાટ ઊભી કરી હતી. આ ઉપરાંત આરોપીએ 'તમે નોકરી કેમ કરો છો તે હું જોઈ લઈશ' એમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ બનાવ અંગેનો કેસ જે.એમ.એફ.સી. કોર્ટ, આહવા ખાતે ચાલવા જતાં, નામદાર કોર્ટના ન્યાયાધીશ વાય. પી. યાદવે તમામ પુરાવાઓ અને દલીલો ધ્યાને લઈ આરોપીને બે વર્ષ અને છ માસની કેદની સજા તથા રૂ. ૨૫૦૦/- નો દંડ ફટકાર્યો છે. આ કાનૂની કેસમાં સરકાર તરફથી સરકારી વકીલ સુરેશભાઈ કોંકણી દ્વારા ધારદાર અને સચોટ દલીલો રજૂ કરવામાં આવી હતી.

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૩૮/૨૦૨૬

**અરજદાર : શ્રી પાલીબેન નારણભાઈ પટેલ**
ઉ.વ.આ.૮૬, ધંધો-ઘરકામ, રહે. ૮૩, ભીડીયા ગોવાડા, દેહરી
તા.ઉમરગામ, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, દહેરી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પાલીબેન નારણભાઈ પટેલ,** રહે. ૮૩, ભીડીયા ગોવાડા, દેહરી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **મહેશ નારાયણભાઈ પટેલનો** જન્મ તા.૦૧-૧૧-૧૯૭૫ના રોજ મોજે - દહેરી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૨૩૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૩૪/૨૦૨૬

**અરજદાર : શાંતિબેન ઈશ્વરભાઈ રાઠોડ**
**રહે.** રૂમ નંબર ૬૭૭, પેરમ ફળિયું, માછીવાડ, ઉમરગામ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : ચીફ ઓફિસર નગર પાલિકા,**
**જન્મ-મરણ નોંધણી અધિકારી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શાંતિબેન ઈશ્વરભાઈ રાઠોડ,** રહે. રુમ નંબર ૬૭૭, પેરમ ફળિયું, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **પ્રેમિલા બાબુ દુબળાનું** મરણ તા.૦૮-૧૦-૨૦૦૮ના રોજ મોજે - ઉમરગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૧૮૬/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૫૬/૨૦૨૬

**અરજદાર : કમલાબેન માણેકભાઈ દુબળા**
**રહે.** સરોન્ડા, માલ્યાવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સરોંડા,**
**ગ્રામ પંચાયત કચેરી સરોંડા,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કમલાબેન માણેકભાઈ દુબળા,** રહે. સરોંડા, માલ્યાવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સસરા **બાબુભાઈ રડકાભાઈ દુબળાનું** મરણ તા.૧૫-૧૨-૧૯૯૩ના રોજ મોજે - સરોંડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૨૫૬/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૩૬/૨૦૨૬

**અરજદાર : શકુંતલાબેન દામુભાઈ માછી**
**ઉ.આ.વ.૫૫, ધંધો-ઘરકામ, રહે.** ખત્તલવાડા, માછીવાડ,
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ખત્તલવાડા,**
**ગ્રામ પંચાયત કચેરી ખત્તલવાડા,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શકુંતલાબેન દામુભાઈ માછી,** રહે. ખત્તલવાડા, માછીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સસરા **ગોવિંદ પોસલા માછીનું** મરણ તા.૦૯-૦૪-૧૯૮૬ના રોજ મોજે - ખત્તલવાડા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૨૩૬/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૩૫/૨૦૨૬

**અરજદાર : શાંતિબેન ઈશ્વરભાઈ રાઠોડ**
**ઉ.આ.વ.૭૦, ધંધો-ઘરકામ, રહે.** રુમ નં.૬૭૭, પેરમ ફળિયું
માછીવાડ, ઉમરગામ તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : ચીફ ઓફિસર નગર પાલિકા**
**જન્મ-મરણ નોંધણી અધિકારી, ઉમરગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શાંતિબેન ઈશ્વરભાઈ રાઠોડ,** રહે. રુમ નંબર ૬૭૭, પેરમ ફળિયું, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **બાબુભાઈ વેસ્તાભાઈ દુબળાનું** મરણ તા.૧૫-૦૭-૧૯૮૨ના રોજ મોજે - ઉમરગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી-૨/જન્મ-મરણ/૨.જી.નં.૨૩૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

## પશ્ચિમ રેલ્વે ટ્રેન નંબર ૦૪૭૧૨/૦૪૭૧૧નું નિયમન કરે છે બાંદ્રા ટર્મિનસ ⇌ બિકાનેર સાપ્તાહિક વિશેષ

| ટ્રેન નં. | પ્રારંભ અને ગંતવ્ય સ્ટેશન | તારીખ W.E.F. | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૧૪૭૧૨ | બાન્દ્રા ટર્મિનસ - બિકાનેર (સાપ્તાહિક) | ૨૭.૦૮.૨૦૨૬ | ૧૯:૨૫ કલાકે (ગુરુવાર) | ૨૩:૫૫ કલાકે (બીજા દિવસે) |
| ૧૪૭૧૧ | બિકાનેર - બાન્દ્રા ટર્મિનસ (સાપ્તાહિક) | ૨૬.૦૮.૨૦૨૬ | ૧૩:૩૦ કલાકે (બુધવાર) | ૧૫:૫૦ કલાકે (બીજા દિવસે) |

**રોકાણો :** બોરીવલી, વાપી, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, શામગઢ, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, દુર્ગાપુરા, જયપુર, રિંગાસ, સીકર, લછમનગઢ સીકર, ફતેહપુર શેખાવટી, ચુરુ, રતનગઢ અને શ્રીનગર સ્ટેશન બંને દિશામાં શ્રીનગર સ્ટેશન.

**સંરચના :** એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

અમને લાઈક અને ફોલો કરો

**પશ્ચિમ રેલ્વે**
wr.indianrailways.gov.in
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

**તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો**


દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
દિવાળી ધમાકા
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
Raymond dinesh Siyaram's DONEAR DIGJAM NIRVAN SHIRTINGS ICON ashima Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

INDUSTRIAL SPACE AVAILABLE FOR RENT
READY TO MOVE
SARIGAM ANANTA INDUSTRIAL PARK
Premium 6000 sq. ft. industrial property available for lease.
6000 SQ. FT. CARPET AREA
95 HP POWER AVAILABLE
SEPARATE WASHROOM
EASY ACCESS FOR TRANSPORT & LOGISTICS
25 ft CLEAR HEIGHT
SUITABLE FOR FACTORY SETUP, WAREHOUSE, MANUFACTURING & INDUSTRIAL USE
CONTACT: 9824728200 (CALL/WHATSAPP)

Friday 21, August 2026

# દમણગંગા ટાઈમ્સ

## વાપીમાં બ્રહ્માકુમારી સેન્ટર ખાતે રક્તદાન શિબિર યોજાશે

**વાપી, તા.૨૦ :** વાપીના આનંદનગર, ભોલે બાબા આશ્રમ પાસે આવેલા બ્રહ્માકુમારી સેન્ટર ખાતે તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬, શુક્રવારના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિર સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી યોજાશે. રક્તદાન કરવા ઈચ્છુક દાતાઓને મોટી સંખ્યામાં જોડાઈ રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે. રક્તદાન અંગે વધુ માહિતી અથવા નોંધણી માટે બ્રહ્માકુમારી રશ્મીબેનનો મોબાઈલ નંબર ૯૮૨૪૪ ૯૨૯૨૨ પર સંપર્ક કરી શકાશે.

## વાપીની કંપનીમાં ડિલિવરી બોયનું તબિયત લથડતા મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૨૦ :** વાપી જીઆઈડીસીની યુ મેડિકા કંપનીમાં આજે કોઈ પાર્સલની ડિલિવરી કરવા આવેલા ગૌતમ નામક યુવકની અચાનક તબિયત લથડતા ઢળી પડ્યો હતો. જેને કંપની સંચાલકો દ્વારા તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તબીબી તપાસ બાદ આ યુવકને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જીઆઈડીસી પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે.



## જિલ્લામાં શ્વાનની જેમ દિપડાં ફરે છે કે દિપડાંની જેમ શ્વાન!

**અહો આશ્ચર્યમ્ : ઘડોઈમાં દિપડાંની જગ્યાએ શ્વાન પિંજરે પુરાઈ ગયા**





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૨૦ :** વલસાડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાના વધી રહેલા આતંક વચ્ચે વન વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. ઘડોઈ ગામે છેલ્લા કેટલાક સમયથી ત્રણ દીપડા મુક્તપણે વિહરતા હોવાની માહિતી છતાં, વન વિભાગ દ્વારા ગોઠવાયેલા પાંજરામાં દીપડાને બદલે શ્વાન કેદ થઈ જતાં સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વલસાડ તાલુકાના ઘડોઈ, ગોરવાડા અને પાલણ ગામની સીમમાં છેલ્લા ઘણા સમયથી ૩ દીપડા સતત આંટાફેરા મારી રહ્યા છે.?ખેડૂતો અને ગ્રામજનોમાં ફફડાટ દીપડાની અવારનવાર થતી હિલચાલથી ખેતરે જતા ખેડૂતો, મજૂરો અને ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. સાંજ પડતાં જ લોકો ઘરમાં પુરાવા મજબૂર બન્યા છે. દીપડાને પકડવા માટે મુકાયેલા પાંજરાની યોગ્ય દેખરેખના અભાવે તેમાં દીપડાને બદલે ૩ શ્વાન કેદ થઈ ગયો હતો, જે વન વિભાગની ઢીલી નીતિ અને બેદરકારી છતી કરે છે. સ્થાનિક રહીશોએ માગ કરી છે કે વન વિભાગ તાત્કાલિક અસરકારક પગલાં ભરી ત્રણેય દીપડાઓને પાંજરે પૂરે, જેથી કોઈ મોટી જાનહાનિ કે અનિચ્છનીય બનાવ બનતા અટકી શકે.

## ઉદવાડાનાં ગ્રા.પં.ના લાંચના ગુનામાં બેની અટકાયત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૨૦ :** વલસાડ ACB પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૮ માં નોંધાયેલા લાંચના ગુનાના આરોપી સરોસ બહેરામ ઈરાની ઉ.વ.૫૯ અને ધર્મિષ્ઠાબેન ઉમેશચંદ્ર પટેલ ઉ.વ.૩૮, બંને રહે. ઉદવાડા, તા.પારડીને આજે તા. ૨૦/૦૮/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવ્યા હતા.

પારડી તાલુકાના ઉદવાડા ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં જમીન એને કરવા માટે ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ અને સભ્યો દ્વારા રૂા.૩ લાખની લાંચની માંગ કરી હતી.

જે અંગે ફરિયાદીએ વલસાડ એસીબીમાં ફરિયાદ કરી હતી જે પ્રકરણમાં આરોપી સરોસ દેહરામ ઈરાની અને ધર્મિષ્ઠા ઉમેશચંદ્ર પટેલની અટકાયત કરી નામદાર કોર્ટમાં રજૂ કરતા કોર્ટે સરોસભાઈ ઈરાનીને કોર્ટ કસ્ટડી અને ધર્મિષ્ઠાબેન પટેલને ૧ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. ગુનાની વધુ તપાસ ACB નવસારીના પી.આઈ. એન.બી. સોલંકી કરી રહ્યા છે.

## વાપી ટાઉનમાં ફુલ વેચનાર યુવક પર ૫ ઈસમનો હુમલો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા.૨૦ :** વાપી ટાઉન બેંક ઓફ બરોડા પાસે પાણીના પરબ પાસે ફુલ વેચવાનો ધંધો કરતા ઉદવાડાના શુભમ રવિ ગોંડે પર બુધવારે ૫ લોકોએ હુમલો કર્યો હતો.

શુભમે વાપી ટાઉન પોલીસમાં ફરિયાદ કરી કે ચંદન ગોડ, અશોક ગોડ, પપ્પુ યાદવ, રવિપ્રકાશ યાદવ અને અલી હુસેન અંસારીએ ગાળો આપી વિરોધ કરતા તેના પર તૂટી પડ્યા હતા. ઢોર માર મારી લાતો ભરાવી જાનથી મારવાની ધમકી આપી હતી.

ઘાયલ શુભમને સારવાર માટે ચલા સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ફરિયાદીએ આરોપીઓ અવારનવાર હેરાન કરતા હોવાનું પણ જણાવ્યું છે. પોલીસે ૫ ઈસમો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## લીલાપોર બ્રિજના અધૂરા કામ મુદ્દે કોંગ્રેસના ભાજપના પર ગંભીર આક્ષેપ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૨૦ :** વાંસદાના ધારાસભ્ય અનંત પટેલે લીલાપોર બ્રિજની મુલાકાત લઈને તેની ધીમી અને અધૂરી કામગીરી સામે ભાજપ સરકાર અને સ્થાનિક તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. બ્રિજના કારણે સ્થાનિક નાગરિકોને વેઠવી પડતી હાલાકીને લઈને તેમણે તંત્રની નીતિ-રીતિ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

બ્રિજની મુલાકાત દરમિયાન અનંત પટેલે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, સત્તાધારી નેતાઓ અને ધારાસભ્યોના કહેવાથી વશીયર ૪ કરોડનો અજાયબી જેવો બ્રિજ ઝડપથી બની જાય છે, પરંતુ પ્રજા માટે ખરેખર અત્યંત ઉપયોગી એવા લીલાપોર બ્રિજનું કામ લાંબા સમયથી અધૂરું મૂકી દેવામાં આવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય બંને જગ્યાએ ડબલ એન્જિનની સરકાર હોવા છતાં, જમીન સંપાદન અને મકાન તોડવાની સામાન્ય મંજૂરી મેળવવામાં આટલો બધો સમય કેમ લાગી રહ્યો છે. જનતાની હાલાકી બ્રિજનું કામ અટવાઈ પડતાં દરરોજ હજારો વાહનચાલકો અને સ્થાનિક નાગરિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ધારાસભ્ય અનંત પટેલે સ્પષ્ટ શબ્દોમાં તંત્રને ચીમકી આપતા જણાવ્યું હતું કે પ્રજાના ટેક્સના પૈસાનો ધુમાડો કરવાનું બંધ કરવામાં આવે, તાત્કાલિક ધોરણે તમામ વહીવટી અવરોધો દૂર કરી લોકોને પડતી મુશ્કેલીઓનો અંત લાવવામાં આવે અને બ્રિજનું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે, અન્યથા જનહિત માટે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

## અતુલ ગ્રા. પં.ના સભ્ય સેજલ પટેલ ગેરલાયક જાહેર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૨૦ :** અતુલ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૦૧ના સભ્ય સામે પોતાના સાસુની પેઢી મારફતે ગ્રામ પંચાયતમાંથી નાણાંકીય લાભ મેળવવા બદલ વલસાડ તાલુકા વિકાસ અધિકારી એ ગેરલાયક ઠેરવવાનો મહત્વપૂર્ણ હુકમ કરવામાં આવ્યો છે.

અતુલ ગ્રામ પંચાયતના માજી ડેપ્યુટી સરપંચ દર્શિલ વિજયભાઈ દેસાઈ તથા અન્ય ગ્રામજનો દ્વારા વલસાડ તાલુકા વિકાસ અધિકારી ને લેખિત ફરિયાદ કરવામાં આવી હતી કે, અતુલ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૦૧ ના તત્કાલીન સભ્ય સેજલબેન પટેલ દ્વારા પોતાના ઘરના સભ્યના નામે 'RR COMPANY SELL & SER' નામની એજન્સી બનાવી પંચાયતમાં પોતાના આર્થિક લાભ માટે કામો કરવામાં આવ્યા છે.

અરજીના આધારે વિસ્તરણ અધિકારી દ્વારા તપાસ અહેવાલમાં ગ્રામ પંચાયત અતુલ દ્વારા 'RR COMPANY SELL & SER' નામે લાખો રૂપિયાના વિવિધ બિલોની ચૂકવણી કરવામાં આવી હતી. સંબંધ રેશનકાર્ડ તથા અન્ય સરકારી દસ્તાવેજોની તપાસ કરતા સ્પષ્ટ થયું હતું કે, 'RR COMPANY SELL & SER' ના પ્રોપરાઈટર કાંતાબેન આર. પટેલ અને ગ્રામ પંચાયત સભ્ય સેજલબેન જેન્તુલભાઈ પટેલ વચ્ચે સાસુ અને વહુનો સીધો સંબંધ છે. સુનાવણી દરમિયાન સેજલબેન પટેલ આ બાબતથી અજાણ હોય અને તેમણે અગાઉ રાજીનામું આપી દીધું હોવાથી તેમની સામે કાર્યવાહી ન કરવા રજૂઆત કરી હતી.

જોકે, વિસ્તરણ અધિકારીનો અહેવાલ, પંચાયતના ઉપલબ્ધ રેકોર્ડ અને દસ્તાવેજોની ચકાસણી માં પંચાયતના સભ્ય તરીકે ચાલુ રહીને સાસુની પેઢી મારફતે પંચાયતના સરકારી નાણાંનો દુરુપયોગ કરી પરોક્ષ રીતે આર્થિક લાભ મેળવવામાં આવ્યો હતો.

સમગ્ર તપાસ અને પુરાવાઓને ધ્યાને રાખી, વલસાડ તાલુકા વિકાસ અધિકારી કેતન બી. સોલંકી દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૩૦ અને ૩૨ હેઠળ સેજલબેન જેન્તુલભાઈ પટેલને સભ્યપદેથી ગેરલાયક ઠેરવતો હુકમ જાહેર કરવામાં આવ્યો છે.

## ચીખલીના ચરીમાં યુવકને કરંટ લાગતા મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા.૨૦ :** ચીખલી તાલુકાના ચરી ગામે બે દિવસ અગાઉ બનેવીની બારમા ની વિધિમાં મઢુલી ગામેથી આવેલ સાળો જે બુધવારે રાત્રિના સમયે પેશાબ કરવા જતા જેને ઘેજ ગામની હદમાં ભવાની ફળિયા ખાતે રહેતા ઉત્તમભાઈ ખંડુભાઈ પટેલે પોતાના ખેતરમાં વિદ્યુત કંપનીની કોઈપણ જાતની પરવાનગી લીધા વગર ગેરકાયદેસર રીતે પોતાના ઘરેથી ઈલેક્ટ્રીક સ્વીચ બોર્ડમાંથી ઈલેક્ટ્રીક વાયર પોતાના માલિકીના ખેતર સુધી લંબાવી સદર ઈલેક્ટ્રીક વાયર ખેતરની ફરતે પાક સંરક્ષણ માટે કરેલ તાર ફેન્સીંગના તાર સાથે જોઈન્ટ કરી ઈલેક્ટ્રીક પ્રવાહ ચાલુ રાખી આ રીતના બનાવથી કોઈ વ્યક્તિ કે જાનવરોનું મૃત્યુ થઈ શકે તેવી હકીકત જાણવા છતાં તેમણે પોતાના ખેતરની ફરતે કરેલ તાર ફેન્સીંગમાં વીજ પ્રવાહ ચાલુ રાખતા રાત્રિના સમયે સુખદેવ વિનુભાઈ રાઠોડિયા જે પેશાબ કરવા માટે ગયો અને મોડે સુધી ઘરે પરત ન આવતા તેમજ આજુબાજુમાં તપાસ કરવા છતાં પણ ન મળતા આજરોજ સવારના સમયે ગામના એક રહીશે પરિવારને જણાવેલ કે તમારો છોકરો સુખદેવની લાશ ખેતરની પાર ઉપર પડેલ છે ત્યારે પરિવારે ઘટના સ્થળને જઈને જોતા જેને જમણા હાથમાં કાંડા પાસે તેમજ બંને પગના ઘૂંટણ પાસે તથા ડાબા પગમાં ઘુટણની નીચે કરંટ લાગેલા ના કાળાશ પડતા ડાઘા જોવા મળ્યા હતા જે અંગેની જાણ સુખદેવ રાઠોડીયા ના પિતા વિનુ શંકર રાઠોડિયા રહે. મઢેલી ગામ નવીનગરી મહોલ્લો તા. વાઘોડિયા જી. વડોદરા નાએ ચીખલી પોલીસને કરતા પોલીસે ઉત્તમ ખંડુ ભાઈ પટેલ વિરુંધ માનવ વધ નો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીઆઈ પીબી પટેલિયા એ હાથ ધરી છે.

## દક્ષિણ ઝોનની બેઠકમાં થ્રીડીના પ્રશાસકની ઉપસ્થિતિ

**ગૃહ મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં દક્ષિણ ઝોન કાઉન્સિલ બેઠકમાં નદીના પાણી વિવાદ અને સુરક્ષાના મુદ્દે ચર્ચા કરી**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૨૦ :** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે મામલ્લાપુરમ નજીક કોવલમની એક હોટલમાં ૩૧મી દક્ષિણ ઝોનલ કાઉન્સિલ બેઠકની અધ્યક્ષતા કરી, જ્યાં દક્ષિણ રાજ્યોના નેતાઓ અને વરિષ્ઠ અધિકારીઓએ આંતરરાજ્ય વિવાદો, સુરક્ષા અને વિકાસ પ્રાથમિકતાઓ પર ચર્ચા કરી. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલે પણ આ બેઠકમાં હાજરી આપી.

તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે અમિત શાહનું આગમન થતાં તેમનું વ્યક્તિગત સ્વાગત કર્યું. કાર્યવાહી શરૂ થાય તે પહેલાં બંને નેતાઓએ ટૂંકી વાતચીત કરી. પરિષદમાં તમિલનાડુ, આંધપ્રદેશ, કર્ણાટક, કેરળ અને તેલંગાણાના પ્રતિનિધિઓએ ભાગ લીધો.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ, કેરળના મુખ્યમંત્રી વી.ડી. સતીસન અને તેલંગાણાના નાયબ મુખ્યમંત્રી મલ્લુ ભટ્ટી વિક્રમાર્ક હાજર રહ્યા હતા. પુડુચેરીના મુખ્યમંત્રી એન. રંગાસ્વામી ગેરહાજર હતા, જ્યારે લેફ્ટનન્ટ ગવર્નર કે. કૈલાશનાથન કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા હતા. આંદામાન અને નિકોબાર ટાપુઓના લેફ્ટનન્ટ ગવર્નર, લક્ષદ્વીપના અધિકારીઓ અને ભાગ લેનારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ વહીવટી અધિકારીઓ પણ હાજર હતા. કાઉન્સિલની ચર્ચામાં લાંબા સમયથી ચાલતા નદીના પાણી અને સરહદ વિવાદો મુખ્ય સ્થાને રહેવાની અપેક્ષા હતી. આમાં કાવેરી અને કૃષ્ણા નદીઓના પાણીની વહેંચણી અંગેનો વિવાદ, કર્ણાટકનો પ્રસ્તાવિત મેકેદાતુ ડેમ અને મુલ્લાપેરિયાર ડેમ સંબંધિત ચિંતાઓનો સમાવેશ થાય છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે કોવલમ બેઠકનો હેતુ વહીવટી સંકલનને મજબૂત બનાવવા અને સહકારી સંઘવાદને આગળ વધારવાનો હતો. આ પરિષદ ભાગ લેતી સરકારોને કેન્દ્ર સરકાર સમક્ષ તેમના સંબંધિત રાજ્યો સંબંધિત ચિંતાઓ ઉઠાવવાની અને વર્ષોથી ચાલી રહેલા વિવાદોના સંકલિત ઉકેલો શોધવાની તક પણ પૂરી પાડે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ચર્ચાઓ વિભાગો વચ્ચે નિયમિત આદાનપ્રદાન અને ભાગ લેતી સરકારો અને વહીવટીતંત્ર દ્વારા સંયુક્ત રીતે સંમત થયેલા નિર્ણયોના ઝડપી અમલીકરણ સહિત, અનુગામી કાર્યવાહી માટે વ્યવહારુ પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.



## દમણમાં ૯૪ કિલો ગાંજા અને નશીલા પદાર્થોનો નાશ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**દમણ, તા.૨૦ :** દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પોલીસે નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેપાર સામે કાર્યવાહી વધુ તેજ બનાવી છે. પોલીસ દ્વારા વિવિધ એનડીપીએસ કેસોમાં જપ્ત કરાયેલા કુલ ૯૪ કિલો ૨૭૬ ગ્રામ ગાંજો અને અન્ય નશીલા પદાર્થોનો નિયત કાયદેસર પ્રક્રિયા મુજબ નાશ કરવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, દાદરા અને નગર હવેલી જિલ્લામાં નોંધાયેલા ૨૨ એનડીપીએસ કેસોમાંથી ૭૫ કિલો ૬૫૪ ગ્રામ ગાંજો તથા અન્ય નશીલા પદાર્થો અને દમણ જિલ્લામાં નોંધાયેલા ૫ કેસોમાંથી ૧૮ કિલો ૬૨૦ ગ્રામ ગાંજો તથા અન્ય નશીલા પદાર્થોનો નિકાલ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેપાર સાથે સંકળાયેલા એક આદતી ગુનેગાર સામે નાણાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એનડીપીએસ કાયદા હેઠળ દાદરા અને નગર હવેલી જિલ્લામાં આ આરોપીની અંદાજે ૮૮ લાખ રૂપિયાની મિલકત જપ્ત અથવા એટેચ કરવામાં આવી છે.

યુટી પોલીસે જણાવ્યું છે કે, નશાના ગેરકાયદેસર નેટવર્કને ખોરવી પાડવા અને આવા ગુનેગારોના નાણાકીય હિતોને નુકસાન પહોંચાડવા માટે કાયદા હેઠળ આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રાખવામાં આવશે.

## બીલીમોરા સોમનાથ મેળામાં ખાદ્ય સુરક્ષા વિભાગની તપાસ



**બીલીમોરા, તા.૨૦ :** બીલીમોરા શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસના મેળા દરમિયાન પણ ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા અંગે ગુરુવારે તપાસ હાથ ધરવામાં આવી હતી. મેળામાં કુલ ૩૫ ખાદ્ય સ્ટોલ ની તપાસ કરી ૮૮ લીટર અયોગ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો હતો, જેમાં ૬૫ લીટર રેડ ચટણી અને ૨૩ લીટર વપરાયેલા કુકિંગ ઓઈલનો સમાવેશ થાય છે. ખાદ્ય સુરક્ષા વિભાગે ખાદ્ય વ્યવસાયકારોને સ્વચ્છતા જાળવવા, ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રીનો ઉપયોગ કરવા તેમજ Food Safety and Standards Act, 2006 અને તેના હેઠળના નિયમો-વિનિયમોનું ચુસ્તપણે પાલન કરવા સૂચના આપી હતી. લેવામાં આવેલા ખાદ્ય નમૂનાઓના લેબોરેટરી પરીક્ષણના પરિણામો આવ્યા બાદ નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.







**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**